પ્રકરણ - (૩)

## વ્યભિચારી ભાવ

નાટ્યશાસ્ત્રના સાતમાં અધ્યાય 'ભાવાધ્યાય' અંતર્ગત ભરતમુનિએ વ્યભિચારી ભાવ સંબંધી વિસ્તૃત વિચારણા કરી છે. ભરતમુનિ તેમજ અન્ય નાટ્યશાસ્ત્રીઓ તથા કાવ્યશાસ્ત્રીઓએ વ્યભિચારી ભાવની જે પરિભાષાઓ આપી છે તેમજ પ્રભેદો નિરુપ્યા છે તેની ચર્ચા કરી વ્યભિચારી ભાવનું નાટ્યપ્રયોગના સંદર્ભમાં સ્વરુપ સ્પષ્ટ કરી આપવાનો ઉપક્રમ છે.

### વ્યભિચારી શબ્દના કોશગત અર્થ

વ્યભિચારી શબ્દના મુળમાં 'વ્યભિચર' ધાતુ છે જેના મોનિયર વિલિયમ્સના કોશમાં વિવિધ અર્થો આ પ્રમાણે આપવામાં આવ્યા છે.

અભિચર્- વ્યાભિમુખતાપૂર્વક આચરણ કરવું, અભિદૂષણ કરવુ, ઉલ્લંઘન કરવું, ક્ષતિ પહોંચાડવી (મહાભારત), મંત્ર-તંત્ર ધ્વારા વશ કરવું, મર્યાદાનું ઉલ્લંઘન કરવું, નિયમનો ભંગ કરવો, ભટકીને વિલીન થઇ જવું.

વ્યભિચારિન્ - ભ્રમણશીલ, ભટકનાર અથવા નિયમરહિત અથવા અપસારક (હરિવંશ પુરાણ, કથાસરિત્ સાગર) પથ-ભ્રષ્ટ, અવિહિત-કર્મા, ચરિત્રહિન, આવારા અથવા ચંચળ, દુશ્શીલ, દુરાચારી (મહાભારત) પરિવર્તનશીલ, અસ્થિર, (મહાભારત), પર-ગામી, ઉલ્લંઘી, નિયમરહિત, અનિયમિત, અનવસ્થિત અપ્રધાન અથવા ગૌણ અર્થ યુક્ત.

વ્યભિચારિતા - નિયમોલ્લંઘન, નિયમ-વાહ્યતા, નિયમરાહિત્ય, વૈવિધ્ય પરિવર્તન, ચંચળતા, મન અથવા તનની અનિત્ય અવસ્થાઓ જેની સંખ્યા - ઉપાલંભ સહિત - ૩૪ જેટલી માનવામાં આવી છે.

- Moniar William San. Eng. Dictionary

### વ્યભિચારી શબ્દની વ્યુત્પત્તિ

વ્યભિચારી શબ્દની વ્યુત્પત્તિ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે -

વિ અભિ ઇત્યેતાનુ ઉપસર્ગૌ । ચર્ ઇતિ ગત્યર્થો ધાતુ: વિવિધમ આભિમુખ્યેન રસેષુ ચરન્તીતિ વ્યભિચારિણ: વાઙ્ અંગ સત્વ્ ઉપેતા: પ્રયોગે રસન્નયન્તીતિ વ્યભિચારિણ: । ચરન્તિ નયન્તીત્યર્થ: ।

(અધ્યાય-૭)

વિ અને અભિ એ બે ઉપસર્ગો છે, ચર એ ગતિવાચક ધાતુ છે, ત્યારે વ્યભિચારી શબ્દનો અર્થ થયો -

(૧) અભિમુખ બની રસોમાં જે વિવિધપણે જે સંચાર કરે છે તે. (ભુપેન્દ્ર ત્રિવેદી) જે વિવિધ વિષયોની તરફ રસોના સંબંધમાં સંચરણ કરે છે તે. (મનમોહન ઘોષ) વિવિધ પ્રકારથી રસોમાં જે અભિમુખ થઇ સંચરણ કરે છે તે (ડો. રઘુવંશ) એ જે રસોની તરફ વિવિધ પ્રકારે આગળ વધે છે તે. (બાબુલાલ શુકલ શાસ્ત્રી ) એ ભાવ જે વિવિધ પ્રકારથી રસાભિમુખ થઇ સંચરણ કરે છે, ભાવોને રસોન્મુખ કરે છે તે (સુરેન્દ્રનાથ દીક્ષિત)

(૨) વાણી, અંગ અને સત્વ સાથે જોડાઇ રસોને નાટ્યના પ્રયોગમાં લઇ જાય છે તે (ભુપેન્દ્ર ત્રિવેદી), વાણી, ચેષ્ટાઓ તથા સાત્વિક અનુભાવોથી સમ્બધ્ધ રસો સુધી પહોંચાડે છે તે. (મનમોહન ઘોષ) વાચિક, આંગિક તથા સાત્વિક અનુભાવોથી યુકત સ્થાયી રસોને વ્યભિચારી ભાવ પ્રતીતિ યોગ્ય બનાવે છે. (ડો. રઘુવંશ)જે શબ્દો, શારીરિક મુદ્રાઓ તથા સાત્વિક ભાવોથી યુકત થઇ રસો સુધી પહોંચવાના કારણરુપ છે તે ભાવો (બાબુલાલ શુકલ શાસ્ત્રી) વાચિક, આંગિક અને સાત્વિક ભાવો વડે યુકત થઇ નાટ્યપ્રયોગમાં સ્થાયી ભાવોને જે રસરુપે પ્રતીતિ-યોગ્ય બનાવે છે તે ભાવો (સુરેન્દ્રનાથ દીક્ષિત)

કાવ્યમાળા સંસ્કરણમાં ઉપલા બે વાકયો સંયુકતરુપે મળે છે તદાનુસાર, જેને વ્યભિચારી કહે છે તે વિવિધ રસોમાં આમુખ્યત: વાચિક, આંગિક તથા સાત્વિક અનુભાવોથી યુકત સ્થાયી ભાવોને રસમયતા પ્રાપ્ત કરાવે છે.

વ્યભિચારી ભાવો નાટ્યના પ્રયોગમાં રસોને કેવી રીતે લઇ જાય છે તે જણાવતા ભરતમુનિ કહે છે કે, ' આ તો લોકોની બોલવાની એક લઢણ છે જેમ કે - સૂર્ય આ દિવસ કે નક્ષત્રને લઇ જાય છે તે કાંઇ બે હાથમાં કે ખભા પર નાંખી લઇ જતો નથી પરંતુ એ બાબત લોકપ્રસિધ્ધ છે કે આ સૂર્ય નક્ષત્ર અથવા દિવસને લઇ જાય છે. આજ પ્રમાણે વ્યભિચારી ભાવોને જાણી લેવા.''

આમ ભરતમુનિએ નિરુકત શૈલીમાં વ્યભિચારી શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ આપ્યો છે. ભરતમુનિના કથન અનુસાર વિ અને અભિ એ બે ઉપસર્ગો તથા ચર ગત્યર્થક ધાતુ-આ ત્રણેના યોગથી વ્યભિચારી શબ્દ વ્યુત્પન્ન થાય છે. વ્યભિચારી ભાવો વાચિક,-આંગિક-સાત્વિક અનુભાવો સાથે જોડાઇ સ્થાયી ભાવોને રસરુપે વ્યકત કરે છે અને આ પ્રક્રિયા નાટ્યપ્રયોગમાંજ પ્રયોજાય છે.

વ્યભિચારી ભાવની વિવિધ પરિભાષાઓ

દશરુપકમાં ધનંજય તથા ધનિકે વ્યભિચારી ભાવની વ્યાખ્યા આપી છે. તેમણે 'વિ' માટે 'વિવિધ' ની જગ્યાએ 'વિશેષ' એવો અર્થ લીધો છે અને સ્થાયી ભાવનો સ્પષ્ટ ઉલ્લેખ કરી તેને વારિધિનો ઉપમેય ઠેરવી વ્યભિચારીઓને તેમાં ઉન્મગ્ન-નિમગ્ન થનારા કલ્લોલો જેવા કહયા છે.

'' વિશેષાદાભિમુખ્યેન ચરન્તો વ્યભિચારિણ: ।
સ્થાયીન્યુન્મગ્ન નિમગ્ના: કલ્લોલા ઇવ વારિધૌ ।''

- દશરુપક (ચતુર્થ પ્રકાશ/૭)

તેમણે ભરતમુનિના 'રસત્વ પ્રાપ્ત કરાવનાર' એવા અર્થનો ત્યાગ કરી 'ચરન્તો' ને અભિમુખતાથી ચાલનાર' અર્થમાં સીમિત કર્યો છે. ધનિકે પોતાની ટીકામાં તેની સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, '' જેમ વારિધિમાં રહીનેજ કલ્લોલો ઉદ્ભવ અને વિલય પામે છે તેમ રત્યાદિ સ્થાયી રહેવા છતાં આવિર્ભાવ અને તિરોભાવ દ્વારા આભિમુખ્યથી ચાલતા નિર્વેદ વિગેરે વ્યભિચારી ભાવો છે.''

અભિનવગુપ્તે વ્યભિચારી માટે 'સંચારી' પર્યાય પ્રયોજ્યો છે. સંચારીની વ્યુત્પત્તિ છે સમ્ + ચર + ઇન્ અર્થાત જે સ્થાયીને દીપ્તમાન કરી સંચારિત કરે અને સ્વયં તેમાં સંચરણ કરે તે સંચારી ભાવ કહેવાય છે. સંચારી ભાવ સ્થાયિત્વને પ્રાપ્ત નથી કરતાં. અભિનવગુપ્તે સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવોને અનુક્રમે માળાના સુત્ર તથા રત્નો સાથે સરખાવ્યા છે. તેમના મત પ્રમાણે વ્યભિચારી ભાવ વિદ્યુત ઉન્મેષ-નિમેષની જેમજ અસ્થિર રહી સ્થાયી સુત્રમાં પ્રકટ તથા તિરોહિત બની વૈચિત્ર્ય ઉત્પન્ન કરી તેને રસની તરફ લઇ જાય છે. તેમના દ્વારા પ્રયોજાયેલ 'આવહન્તિ' પદ વિશેષ ધ્યાન દેવા યોગ્ય છે.

કાવ્યપ્રકાશમાં મમ્મટાચાર્યએ વ્યભિચારી ભાવોને સહકારી કહ્યા છે. સહકારી યાનો વ્યભિચારિણ: (કાવ્યપ્રકાશ ૪/૨૭-૨૮)

હેમચન્દ્રાચાર્યે અભિનવગુપ્તના વિધાનોનું અનુસરણ કરતાં જણાવ્યું છે કે જે ભાવ સ્થાયીરુપ ચિત્તવૃત્તિ સુત્રમાં તો હોય છે પરંતુ પોતાના ઉદય-અસ્તમય વૈચિત્ર્યના સેંકડો હજારો ધર્મો આપી સ્થાયીને વિચિત્ર બનાવી પ્રભાસિત કરે છે તે વ્યભિચારી કહેવાય છે. હેમચંદ્રાચાર્યે 'સ્થાયીધર્મોપજીવનેન' તથા 'સ્વધર્માર્પણ' ન કહેતાં વ્યભિચારીઓના ઉપકારિતા' તેમજ 'તદ્ગતતા' ધર્મ ઉપર ભાર મૂકયો છે. (કાવ્યાનુશાસન અધ્યાય-૨)

નાટ્યદર્પણ અનુસાર અભિમુખ્યનો અર્થ પોષકત્વમ્ છે અને તદાનુસાર કહેવામાં આવ્યુ છે કે તે રસોન્મુખ સ્થાયીભાવ પરત્વે વિશેષ પ્રકારના આભિમુખ્યથી ચરણ કરતાં વ્યવહાર કરે છે. નાટ્યદર્પણકારે અભિનવગુપ્તનું અનુસરણ કરી તેને વ્યભિચારી કહેવાના બે અન્ય કારણો આ પ્રમાણે આપ્યા છે.

(૧) જ્યારે કોઇ 'વ્યભિચારી' સ્થાયી હોવા છતાં પણ ન હોય, નિયમ ભંગ કરતાં હોય તો તેને વ્યભિચારી કહે છે.

(૨) પોતાના વિભાવ હોવા છતાં પણ ન હોવાથી તથા વિભાવ ન હોવા છતાં પણ 'હોવાથી' તે વ્યભિચારી (નિયમ તથા કારણથી રહિત) કહેવાય છે. યથા રસાયણ પ્રયોગકર્તાઓને ગ્લાનિ, આલસ્ય, શ્રમ થતા નથી.

(નાટ્યદર્પણ - વિવેક ૩/કારિકા ૧૧૦)

અર્થાત્ સ્થાયીભાવ વિદ્યમાન હોવા છતાં પણ ક્યારેક કોઇ વ્યભિચારી ભાવ નથી હોતો એટલે સ્થાયીભાવની સાથે અનિયત્ અર્થાત્ વ્યભિચારી હોવાથી તે વ્યભિચારી ભાવ કહેવાય છે. વિભાવ આદિ રૂપ કારણો વિદ્યમાન હોવા છતાં પણ તે વિદ્યમાન ન હોય અને વિભાવ આદિ રૂપ કારણો વિદ્યમાન ન હોવા છતાં પણ તે વિદ્યમાન હોય તો તેવા ભાવો વ્યભિચારી કહેવાય છે. કારણ કે રસાયન લેનારો વ્યક્તિ ગ્લાની, આળસ, થાકનો અનુભવ નથી કરતો. ટૂંકમાં જે પોતાના કારણો હોવાથી અવશ્ય હોય અને ન હોવાથી ન હોય તે અવ્યભિચારી અર્થાત્ સ્થાયી અને જે કારણો હોવા છતાં ન હોય અને ન હોવા છતાં હોય તે વ્યભિચારી એવો નાટ્યદર્પણકારનો મત છે.

સાહિત્યદર્પણકાર વિશ્વનાથે દશરૂપકની પરિભાષા યથાવત્ ગ્રહણ કરી છે.

વિશેષાભિમુખ્યેન ચરણાદ્ વ્યભિચારિણ: ।
સ્થાયિ ન્યુન્મગ્નનિમગ્નાસ્ત્રયસ્ત્રિંશચ્ચ તદ્ભિ દા: ॥

સાહિત્યદર્પણ ૩/૧૪૦

સ્થિરતાથી વિદ્યમાન રતિ આદિ સ્થાયી ભાવમાં ઉન્મગ્નનિમગ્ન અર્થાત આવિર્ભૂત-તિરોભૂત થઇ નિર્વેદ આદિ ભાવ અનુકુળતાથી વ્યાપ્ત હોય છે. એટલે વિશેષ રીતિથી આભિમુખ્યચરણને કારણે તે વ્યભિચારી કહેવાય છે. તે સંખ્યામાં ૩૩ છે.

સિંગભૂપાલે વ્યભિચારીનું લક્ષણ દશરૂપકના આધારે ગ્રહણ કર્યું છે. ને તેની જ્ઞેયતા વાક-અંગ સત્વયુક્ત બતાવી છે. ભાવની ગતિને સંચારિત કરનારા જણાવી તેને સંચારી સંજ્ઞા પણ આપી છે. તે સ્થાયી વારિધિનું ઉર્મિવદ્ વર્ધન કરે છે તથા તદ્રુપતા પ્રાપ્ત કરે છે.

વ્યભીત્યુપસર્ગૌ દ્વૌ વિશેષાભિમુખ્યત્વયો: ।
વિશેષેણાભિ મુખ્યેન ચરન્તિ સ્થાયિનં પ્રતિ ॥
વાડ્અંગસત્વયુક્તા યે જ્ઞેયાસ્તે વ્યભિચારિણ: ।
સંચારયન્તિ ભાવસ્ય ગતિં સંચારિણોઽપિ તે ॥
ઉન્મજ્જન્તો નિમજ્જન્ત: સ્થાયિન્યમ્બુનિધાવિવ ।
ઉર્મિવદ્ વર્ધયન્ત્યેનં યાન્તિ તદ્રુપતાં ચ તે ॥

-રસાર્ણવસુધાકર દ્વિતીય વિલાસ
(શ્લોક ૧, ૨ અને ૩)

'સાહિત્યકૌમુદી'કારે વ્યભિચારી અને સંચારીનું પ્રકૃત્યનુસાર લક્ષણ આપતા જણાવ્યું છે કે જે ભાવની ગતિને સંચારે તે સંચારી અને તેજ જ્યારે વિશેષ આભિમુખ્ય વડે સ્થાયી પ્રતિ ચાલે અથવા રહે ત્યારે વ્યભિચારી કહેવાય. (સાહિત્યકૌમુદી ૪/૭)

શારદાતનયે વ્યભિચારી ભાવોને 'અનવસ્થિત જન્માન:' કહયા છે અને સ્થાયીને રસનિષ્પત્તિમાં લઇ જનારા બનાવ્યા છે. તેમના કથન અનુસાર તે રસને અનેક ભેદવાળા બનાવે છે. શારદાતનયે ભરતમુનિ, ધનંજય તથા રામચન્દ્ર-ગુણચંદ્રનો સમન્વિત મત ગ્રહણ કર્યો છે. (ભાવપ્રકાશન પ્રથમ અધિકાર)

અનવસ્થિત જન્માનોભૂયોભૂય સ્વભાવત: ।
સ્થાયિના રસનિષ્પત્તૌ ચરંતો વ્યભિચારિણ: ॥

ભાવપ્રકાશન પ્રથમ અધિકાર-૧૪

જેનો સ્વભાવત: વારંવાર અસ્થાયી જન્મ થાય છે તથા જે સ્થાયી ભાવની સાથે રસનિષ્પત્તિમાં વિચરણ કરે છે તે વ્યભિચારી ભાવ કહેવાય છે.

આવિર્ભૂય તિરોભૂય ચરદ્ભિસ્થાન્તરાન્તરા ।
યે રસો ભિદ્યતેઅનેકસ્તે સ્મૃતા વ્યભિચારિણ: ॥

ભાવપ્રકાશન દ્વિતીય અધિકાર-૩૩

સ્થાયી ભાવો અન્તર્ગત વચ્ચે વચ્ચે આવિર્ભૂત તથા તિરોભૂત થઇ થઇ જે ભાવ સંચરણ કરે છે કે જેના દ્વારા રસના અનેક પ્રકાર સંભવે છે તે ભાવને વ્યભિચારી ભાવ કહે છે.

રસપ્રદીપકારે વ્યભિચારી ભાવને સ્થાયીનો ઉપકાર કરી ઉત્તમ રસ સુધી લઇ જનારા કહયા છે. (રસપ્રદીપ પૃ.૧૮)

સંગીતરત્નાકર અનુસાર 'સ્તોક' વિભાવથી ઉત્પન્ન થનારા ભાવ વ્યભિચારી ભાવ કહેવાય છે.

રત્યાદય: સ્થાયિભાવા: સ્યુર્ભૂયિષ્ઠવિભાવજા: ।
સ્તોકૈર્વિભાવૈરુત્પન્નાસ્ત એવ વ્યભિચારિણ: ॥

પંડિતરાજ જગન્નાથ વ્યભિચારી ભાવને પણ વ્યંજિત થઇ ત્યારે ભાવ કહયો છે.

વ્યભિચાર્યંજિન્ચતો ભાવ: ।

રસગંગાધર પૃ. ૨૬૯

સંસ્કૃત આચાર્યોએ વ્યભિચારી ભાવની જે પરિભાષાઓ આપી છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભરતમુનિ પછીના યુગમાં - ભરતોત્તર યુગમાં - વ્યભિચારી ભાવોને 'સંચારી ભાવ'ની સંજ્ઞા અપાવા લાગી તથા તે ક્રમશ: ચિત્તવૃત્તિ અથવા મનોભાવ રુપેજ ગ્રહણ થવા લાગ્યા. પહેલાં તો તે પૂર્ણપણે ચિત્તવૃત્તિરુપ અથવા મનોભાવાત્મક માનવામાં આવતાજ નહોતાં પણ રસમાં સહાયક માનવામાં આવતા હતાં પણ ભરતોત્તર યુગમાં વ્યભિચારી અથવા સંચારી ભાવોને 'મનોભાવ સ્વરુપ' પ્રતિપાદિત કરવામાં આવ્યા. ભરતમુનિ પરિગણિત ૩૩ વ્યભિચારી ભાવોમાં નિહિત અનેક શારીરિક અવસ્થાઓને પણ મનોભાવ રુપે સિધ્ધ કરવામાં આવી. દા.ત. 'મરણ' ને નાટ્યદર્પણકારે તો માનસિક અને શારીરિક બંને અવસ્થારુપ પ્રતિપાદિત કર્યો છે પણ પંડિતરાજ જગન્નાથે 'મરણ'ને શારીરિક અવસ્થારુપ નહીં પણ ચિત્તવૃત્તિરુપેજ સિધ્ધ કર્યો.

આ અગાઉ 'નાટ્યભાવોનું સ્વરુપ' પ્રકરણ અંતર્ગત સિધ્ધ કરવામાં આવ્યું છે કે ભરતમુનિ પ્રયુકત 'ભાવ' શબ્દનો અર્થ એકાંગીપણે મનોભાવ કે ચિત્તવૃત્તિ નથી. તેમણે સામાન્યપણે રસપરિપોષક તમામ તત્વોને ભાવ રુપે ગ્રહણ કર્યા છે. પણ જેમ જેમ ભાવ શબ્દનો અર્થ મનોભાવ અથવા ચિત્તવૃત્તિ, સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં રુઢ થતો ગયો તેમ તેમ વ્યભિચારી ભાવોને પણ વિશુધ્ધ પણે મનોભાવ રુપે સિધ્ધ કરવામાં આવ્યા.

'વ્યભિચારી ભાવ' -આધુનિક મીમાંસકોની દૃષ્ટિએ

હિન્દી સાહિત્યમાં આચાર્ય શુકલએ સ્થાયી ભાવો અને વ્યભિચારી ભાવોની વ્યાવર્તક કસોટી 'રસ' સ્વીકારી છે. તેમનું કથન છે કે જે ભાવ એવા હોય કે જેને કોઇ પાત્ર

દ્વારા પ્રગટ થયેલા જોઇ અથવા સાંભળી દર્શક અથવા શ્રોતા પણ એજ ભાવનો અનુભવ કરે તો તેને પ્રધાન ભાવ અને બાકીના ભાવ તેને સંચારી ભાવ જાણવા. ભાવોના સ્વરુપમાંજ એક વસ્તુ રહેલી છે જેના વડે પ્રધાન અને સંચારી એમ બે વિભાગ પડે છે. આ વસ્તુ તે આલંબન. શ્રી શુકલ સંચારી અને સ્થાયી ભાવમાં અધિકાર વ્યવસ્થારુપ અંગાંગિ-ભાવ સંબંધ માને છે. પરંપરાગત ૩૩ સંચારી ભાવો-વ્યભિચારી ભાવોમાં જે સ્થાયી ભાવની નિકટ પહોંચવા સમર્થ હોય તેવા વ્યભિચારી ભાવોનેજ વ્યભિચારી વર્ગમાં મુકયા છે. અને અન્ય સંચારીઓના સંચારિત્વનો પ્રતિષેધ કર્યો છે. દા.ત. આલસ્યને તેમણે સંચારી ભાવ માન્યો નથી કારણ કે તેનો કોઇ ભાવ સાથે પ્રત્યક્ષ સંબંધ નથી. સામાન્ય રીતે શ્રી શુકલે પ્રધાન ભાવ અથવા સ્થાયી ભાવને કેન્દ્રબિંદુ માની તેની નજીક પહોંચવામાં સહાયક, પાશ્ચાત્ય મનોવિજ્ઞાન સમ્મત અનેક શારીરિક તથા માનસિક અવસ્થાઓ તથા અંત:કરણની વૃત્તિઓનો સંચારી ભાવોમાં - વ્યભિચારી ભાવોમાં સમાવેશ કર્યો છે.
(રસમીમાંસા)

ડો. રાકેશ ગુપ્તે 'ભાવ'ની ભરતમુનિ પ્રણિત પરિભાષાનો અસ્વીકાર કરી તેને સંસ્કૃતના ભરતોત્તર યુગીન મનોભાવ યા ચિત્તવૃત્તિ એવા અર્થનોજ સ્વીકાર કર્યો અને એટલે તેમણે પાશ્ચાત્ય મનોવિજ્ઞાનની કસોટી પર વ્યભિચારી ભાવોને ચકાસી જોયા અને જે ભાવો મનોવૃત્તિરુપ ન લાગ્યા તેનો અસ્વીકાર કર્યો. ( Psychological studies in Rasa )

બાબુ ગુલાબરાયનો મત ભરતમુનિની પરંપરાનું અનુસરણ કરે છે. તેમના કથન અનુસાર સાહિત્યના ભાવથી મનોવિજ્ઞાનના શુધ્ધ ભાવ અભિપ્રેત નથી પણ તે પોતાની પ્રવૃત્યાત્મકતાને કારણે મનોવેગોના વ્યાપકરુપે હોય છે. (સિધ્ધાન્ત ઔર અધ્યયન)

મરાઠીના 'આધુનિક કાવ્યશાસ્ત્ર'માં ડો.કે.ના.વાટવેએ પાશ્ચાત્ય માનસશાસ્ત્રનો આધાર લઇ 'ભાવ'ને મનોવિકાર સ્વરુપ (સંવેગરુપ) પ્રતિપાદિત કર્યો છે. એટલે વ્યભિચારી ભાવોને પણ ભાવનારુપ સિધ્ધ કર્યા અને એટલેજ તેમણે પરંપરાગત ૩૩ વ્યભિચારી ભાવોની સુચિને દોષપુર્ણ માની કારણ કે તેમાં બધાજ વ્યભિચારી ભાવો

ભાવનારુપ નથી, પણ તેઓ કહે છે તેમ કેટલીક શારીરિક અવસ્થાઓ છે તો કેટલીક ભાવનાઓની તીવ્રતા દર્શાવનારા પ્રકારો છે. કેટલીક પ્રાથમિક, કેટલીક સંમિશ્ર તો કેટલીક જ્ઞાનાત્મક અવસ્થાઓ છે. તેમના કથન અનુસાર ભરતમુનિએ માનસ વ્યાપારગત બૌધ્ધિક, ભાવનાત્મક અને શારીરિક પરિવર્તનોને સંલગ્ન કરી બધાને વ્યભિચારી ભાવોમાં સમાવ્યા કારણ કે પ્રાચીન કાળમાં શરીર અને મનના પરસ્પર સંબંધનું જ્ઞાન એટલું સ્પષ્ટ નહોતું કે જેના વડે માનસ વ્યામારગત બૌધ્ધિક તથા ભાવનાત્મક ભેદ અને દેહ વ્યાપારગત માનસ તથા શરીરનો ભેદ સ્પષ્ટ કરી શકાય. (રસવિમર્શ)

શ્રી જોગના મતે વ્યભિચારી ભાવોની અંતર્ગત શારીરિક અવસ્થાઓનો સમાવેશ દોષયુકત નથી કેમ કે તેની પૃષ્ઠભૂમિમાં મનોભાવની સ્થિતિ અનિવાર્યત: હોય છે.

શ્રી દ.કે.કેળકરના મતે સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવનો વ્યાવર્તક કસોટી તરીકે માનસ શાસ્ત્રનો સ્વીકાર ન થઇ શકે, સ્થાયી અને વ્યભિચારીના પૃથક પૃથક સ્વરુપનો ભારતીય રસપરંપરાના સંદર્ભમાં વિચાર થવો જોઇએ. જે ભાવ અત્યંત ઉત્કટરુપમાં કાવ્યમાં અભિવ્યકત થયો હોય તથા જેને ભાવક વારંવાર મનમાં આવૃત્ત કરવા ઇચ્છે, જેનો આસ્વાદ લેવા ચાહે તે સ્થાયી ભાવ અને બાકીના સંચારી ભાવ. સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવોના વ્યવચ્છેદક-તત્વ આસ્વાદ્યમાનતા અને ઉત્કટતા છે. સામાન્યત: શ્રી કેળકરના મતે વ્યભિચારી ભાવોનું સ્વરુપ મનોવૃત્તિરુપજ છે. (કાવ્યાલોચન)

શ્રી દિ.કે.વેડેકરના મતે વ્યભિચારી ભાવોની સૂચીને અપૂર્ણ અને સદોષ સિધ્ધ કરવાનો આધુનિક સમીક્ષકોનો પ્રયાસ ઉપયુકત નથી. દા.ત. મરણ નામનો વ્યભિચારી ભાવ 'નાટ્યભાવ' માત્ર છે ને વાસ્તવિક મૃત્યુરુપ શારીરિક અવસ્થા નથી. તે બેમાં સમાનતા એટલીજ કે તે લૌકિક શારીરિક અવસ્થાની સમાંતર છે. શ્રી વેડેકરના મતે તમામ વ્યભિચારી ભાવો નાટ્યધર્મી પદાર્થ છે. તેને વાસ્તવિક લોકધર્મી ભાવ સમજવો 'અસંગત' છે. (રસસિધ્ધાન્તાચેં સ્વરુપ)

શ્રી છોટાલાલ નરભેરામ ભટ્ટના કથન અનુસાર 'સ્થાયીભાવ વગેરે ભાવો રસોત્પત્તિમાં

સ્થિર છતાં જે સહકારી ભાવો તેમાં પ્રકટે છે અને અંતર્ધાન થાય છે તેને વ્યભિચારી ભાવો જાણવા.'' (રસશાસ્ત્ર પૃ.૧૭૪)

શ્રી જયન્તીન્દ્ર હ.દવેના મત પ્રમાણે 'વ્યભિચારી ભાવોને સ્થાયી ભાવના સહચારી એવા આવતાજતા ભાવ કહી શકાય. એ સતત રહેતા નથી, સ્થાયીને પુષ્ટ કરવા આવે છે અને પુષ્ટ કરીને પાછા ચાલ્યા જાય છે. એ બધા રાજાના સેવકો જેવા છે. બીજી રીતે કહીએ તો સમુદ્રના તરંગો જેવા છે...ભરતમુનિએ ભાવની અંદર રસનિષ્પત્તિ અને રસાસ્વાદના ગ્રહણ માટેની બધીજ સામગ્રી સમાવી દીધી છે.

જે કોઇપણ રસની નિષ્પત્તિમાં કે રસના નિવેદનમાં ઉપકારક થઇ શકે એવી બધીજ વસ્તુઓ - માનસિક ભાવો, શારીરિક વિકારો, મનોધર્મો આદિ સર્વેનો એણે ભાવમાં સમાવેશ કર્યો છે.'' (વાઙમયચિંતન)

શ્રી રામપ્રસાદ બક્ષીના કથન અનુસાર સ્થાયી ભાવના સહચારી, આવતા જતા ભાવોને સંચારી અથવા વ્યભિચારી ભાવો કહે છે. (મનીષા-નાટ્યરસ અંક) શ્રી બક્ષી પણ ભાવને ચિત્તવૃત્તિરુપ ગણતા હોવાથી વ્યભિચારી ભાવો પણ તેમના મતે ચિત્તવૃત્તિરુપજ છે.

શ્રી પ્રમોદકુમાર પટેલના મતે માનવચિત્તમાં જન્મી જન્મીને લય પામતી ક્ષણિક તરલ વૃત્તિઓને વ્યભિચારીઓ તરીકે ઓળખવામાં આવી છે. (રસસિધ્ધાન્ત-એક પરિચય) શ્રી પ્રમોદકુમાર પટેલ પણ વ્યભિચારી ભાવોને ચિત્તવૃત્તિરુપ ગણે છે.

હિન્દી, મરાઠી તેમજ ગુજરાતી ભાષાના રસવિષયક મીમાંસકોએ વ્યભિચારી ભાવની જે વિવિધ પરિભાષાઓ આપી છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે વ્યભિચારી ભાવના સ્વરુપ અંગે બે ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે. એક માન્યતા અનુસાર, વ્યભિચારી ભાવનું સ્વરુપ વિશુધ્ધપણે મનોભાવાત્મક નથી પરંતુ વ્યભિચારીનો સંબંધ રસ અથવા સ્થાયી ભાવની તેને આધીન રહેતી પરિપોષક વૃત્તિઓ અથવા અવસ્થાઓ સાથે છે જેમાં શારીરિક, બૌધ્ધિક અને માનસિક તમામ અવસ્થાઓનો સમાવેશ થઇ જાય છે. બીજી માન્યતા પ્રમાણે વ્યભિચારી ભાવનું સ્વરુપ મનોભાવાત્મક છે, ચિત્તવૃત્તિરુપ છે. આ માન્યતાના સમર્થકો

પરંપરાગત ૩૩ વ્યભિચારી ભાવો પરત્વે ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ ધરાવે છે. કેટલાકે સર્વ વ્યભિચારીઓને પછી તે શારીરિક અવસ્થારુપ હોય કે બૌધ્ધિક અવસ્થારુપ, તેમને મનોભાવાત્મક કે ચિત્તવૃત્તિરુપજ માની લીધા છે તો કેટલાકે શારીરિક અવસ્થારુપ વ્યભિચારી ભાવોને વ્યભિચારી વર્ગથી અલગ કરવા ઉપયુક્ત માન્યા છે.

ભરતમુનિએ વ્યભિચારી ભાવનું જે વિવેચન અને નિરુપણ કર્યુ છે તેની પાછળ રંગમંચીય દૃષ્ટિકોણ રહયો છે અને ભાવ શબ્દનો એમણે ચિત્તવૃત્તિ કરતાં વધુ વ્યાપક અર્થમાં પ્રયોગ કર્યો છે અને બધા વ્યભિચારી ભાવો વિશુધ્ધ ચિત્તવૃત્તિરુપ નથી તે વ્યભિચારી ભાવોના પ્રભેદો અને તેની લાક્ષણિકતાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે.

<u>સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવ</u>

સંસ્કૃત આચાર્યોએ સ્થાયી અને વ્યભિચારી ભાવો વચ્ચે ભેદરેખા આંકી આપી છે, તેઓ એમ પ્રતિપાદિત કરવા ઇચ્છે છે કે સ્થાયી ગણાયેલા ભાવો માનવપ્રકૃતિમાં ઉંડે ઉંડે રોપાયેલા મૂળભૂત ભાવો છે. માનવચિત્તમાં તેનું નિરપેક્ષ અસ્તિત્વ રહયું છે. સ્થાયી ભાવની ઉપસ્થિતિ એ રીતે સ્વયંભૂ ઘટના છે. એને એના પોતાના સિવાય અન્ય આશ્રયની અપેક્ષા નથી, જો કે અન્ય સ્થાયી ભાવના આશ્રયે એ આવી શકે છે. આથી ઉલટું, વ્યભિચારી ભાવોને કોઇ ને કોઇ સ્થાયીની પૂર્વસત્તાની અપેક્ષા રહે છે. સ્થાયી ભાવના આવિર્ભાવરુપેજ તે અસ્તિત્વમાં આવે છે. અર્થાત સ્થાયીથી નિરપેક્ષ તેને કોઇ સત્તા સંભવતી નથી. શ્રી પ્રમોદકુમાર પટેલ તેમના 'રસસિધ્ધાન્ત એક પરિચય' પુસ્તકમાં જણાવે છે તેમ સ્થાયીને જો આપણે વિશાળ પ્રવાહરુપે કલ્પીએ તો વ્યભિચારીઓને એની સપાટી પર નિરંતર જન્મી જન્મીને લય પામતા બુદ બુદો કહેવા પડે. મહત્વની વાત એ છે કે પરસ્પર ભિન્ન અને પરસ્પર વિરોધી લાગતા વ્યભિચારીઓને સ્થાયીભાવ આત્મસાત કરી લેવા સમર્થ હોય છે, એટલુંજ નહિ, આવા અસંખ્ય વ્યભિચારીઓને પચાવીને તે પોષણ અને સંવર્ધન પામતો હોય છે. સ્થાયી ભાવ ખરેખર તો માનવપ્રકૃતિમાં અત્યંત ગહન સ્તરે રોપાયેલો હોવાથી પોતાના વિરોધી દેખાતા વ્યભિચારીઓથી તે વિચ્છિન્ન થઇ જતો નથી કે તેથી ક્ષીણ પણ પડતો નથી. બલકે સ્થાયી હોવાને કારણે આવા વિરોધી અંશોનો ઉપચય કરવાની અંતઃક્ષમતા ધરાવે છે.

સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી આપતાં અભિનવગુપ્ત મણિમાળાનું દૃષ્ટાંત આપે છે. એ દૃષ્ટાંત પ્રમાણે સ્થાયી એ મણિમાળામાં રહેલા સુત્ર સરખી વસ્તુ છે. સમગ્ર માળામાં એ સળંગ સુત્રરુપે આવે છે. જ્યારે વ્યભિચારીઓ એ સુત્રમાં પરોવાયેલા રંગબેરંગી મણિઓ જેવા છે. એનો વિવિધરંગી ઝાંયથી એ આખુંયે સુત્ર રંગીન ઝાંય ધારણ કરે છે. એનો સુચિતાર્થ એ કે જેને મુળ સ્થાયી ભાવ ગણ્યો તે ખરેખર તો વ્યભિચારી ભાવોની અપારવિધ અર્થચ્છાયાઓ આત્મસાત કરીને વિશિષ્ટ સ્થાયી તરીકેની સંજ્ઞા પામે છે. વ્યભિચારીઓ એ રીતે સ્થાયીભાવને અભિમુખ રહીને સક્રિય બને છે, તેમાં સમર્પક બનીને તે આત્મલય સાધે છે અને તેમાંજ તેની કૃતકૃત્યતા રહી છે. પણ સ્થાયી ભાવોનું ગૌરવ તેને મળ્યું નથી તે પણ સુચક છે.

પ્રાચીન પરંપરાના મોટા ભાગના આચાર્યોએ એવી ભૂમિકા સ્વીકારી છે કે સ્થાયી ભાવજ રસત્વની ક્ષમતા ધરાવે છે, વ્યભિચારી ભાવ નહિ. રસનિષ્પત્તિની ક્ષમતાની દૃષ્ટિએજ સ્થાયી અને વ્યભિચારી વચ્ચે આવો ભેદ કરવામાં આવ્યો છે. છતાં પ્રાચીન આચાર્યોએ આ વર્ગીકરણને અંતિમ લેખ્યુ નથી. નાટકો અને મહાકાવ્યોમાં રતિ, ક્રોધ, ઉત્સાહ અને નિર્વેદ (શાન્ત રસનો સ્થાયી ભાવ) એ ચાર પુરુષાર્થનિષ્ઠ સ્થાયીઓ પૈકીના કોઇ એકને પ્રધાનભૂત સ્થાયી તરીકે તેઓ સ્વીકારે છે. તે સાથે બાકીના સ્થાયીઓ વ્યભિચારીઓની જેમ તેના અંગભૂત બનીને આવી શકે છે એમ કહે છે. સ્થાયી ભાવને વ્યભિચારી ભાવરુપે વ્યવહાર કરતો અન્ય આચાર્યોએ સ્વીકાર્યો છે. સ્વયં ભરતમુનિએ શૃંગાર રસમાં ત્રાસ, આલસ્ય, ઉગ્રતા આદિ વ્યભિચારીઓના નિષેધની સાથે સાથે સ્થાયી ભાવોની શ્રેણીમાં આવનાર 'જુગુપ્સા' ભાવને પણ વ્યભિચારી કહી તેનો ઉપયોગ નિષિધ્ધ માન્યો છે. અભિનવગુપ્તે શાંત રસમાં, સ્થાયી ભાવોમાં પરિગણિત ભાવો વ્યભિચારીવત્ પ્રયોજાતા સ્વીકાર્યા છે. નાટ્યદર્પણકારે સ્થાયી ભાવોને રસાન્તરોના વ્યભિચારી ભાવ તથા અનુભાવો બનતા સ્વીકાર્યા છે. રસતરંગિણીકાર ભાનુદત્તે હાસને શૃંગારમાં, રતિને હાસમાં, કરુણમાં તથા શાંતમાં, ભય તથા શોકને કરુણ તથા શૃંગારમાં, ક્રોધને વીરમાં, જુગુપ્સાને ભયાનકમાં તથા ઉત્સાહ અને વિસ્મયને

સઘળા રસોમાં વ્યભિચારીનું કાર્ય કરતાં કહ્યા છે. પંડિતરાજ જગન્નાથે દેવાદિવિષયક રતિને ૩૪ મા વ્યભિચારી ભાવ રુપે સ્વીકાર્યો છે. 'રસરત્ન-પ્રદીપિકા' માં અલ્લરાજ કહે છે કે ભય તથા ઉત્સાહ સ્થાયી ભાવ પ્રાય: વ્યભિચારી રુપે ઉપસ્થિત થાય છે. સંક્ષેપમાં સમયાનુસાર સ્થાયી ગણાયેલા ભાવો પણ વ્યભિચારીવત્ વ્યવહાર કરે છે. આથી ઉલટું એક એવો મત પણ પ્રગટ થયો છે કે વ્યભિચારીઓ પણ સ્થાયીઓની જેમજ રસની ક્ષમતા ધરાવે છે, પણ આ મતનો વ્યાપકપણે સ્વીકાર થયો નથી.

<u>વ્યભિચારી ભાવના પ્રભેદો</u>

ભરતમુનિએ ૩૩ પ્રકારના વ્યભિચારી ભાવ ગણાવ્યા છે. (૧) નિર્વેદ (૨) ગ્લાનિ (૩) શંકા (૪) અસુયા (૫) મદ, (૬) શ્રમ (૭) આલસ્ય (૮) દૈન્ય (૯) ચિન્તા (૧૦) મોહ (૧૧) સ્મૃતિ (૧૨) ધૃતિ (૩) વ્રીડા (૧૪) ચપલતા (૧૫) હર્ષ (૧૬) આવેગ (૧૭) જડતા (૧૮) ગર્વ (૧૯) વિષાદ (૨૦) ઔત્સુક્ય (૨૧) નિદ્રા (૨૨) અપસ્માર (૨૩) સુપ્ત (૨૪) વિબોધ (૨૫) અમર્ષ (૨૬) અવહિત્થ (૨૭) ઉગ્રતા (૨૮) મતિ (૨૯) વ્યાધિ (૩૦) ઉન્માદ (૩૧) મરણ (૩૨) ત્રાસ (૩૩) વિતર્ક.

(અધ્યાય-૭ શ્લોક ૨૮ થી ૯૨)

દશરુપકમાં પણ વ્યભિચારી ભાવના ૩૩ પ્રભેદો નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. 'નાટકલક્ષણરત્નકોશ'માં પણ વ્યભિચારી ભાવોની સંખ્યા ૩૩ માનવામાં આવી છે. માત્ર વિબોધની જગ્યાએ 'પ્રબોધ' સંજ્ઞા મળે છે અને સુપ્તની જગ્યાએ 'શૌચ' નામના નવા વ્યભિચારી ભાવની કલ્પના કરવામાં આવી છે. 'નાટકલક્ષણરત્નકોશ'માં ભયાનક રસના સ્થાયી ભાવ તરીકે 'ભય'ની જગ્યાએ 'ત્રાસ' વ્યભિચારી ભાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'ભાવપ્રકાશન'માં વ્યભિચારી ભાવોના ૩૩ પ્રભેદો નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. ઉગ્રતાની જગ્યાએ ઔગ્ર્ય અને વિબોધની જગ્યાએ પ્રબોધ સંજ્ઞા મળે છે. 'સાહિત્યદર્પણ'માં પણ વ્યભિચારી ભાવની સંખ્યા ૩૩ માનવામાં આવી છે. તેમાં પણ ઉગ્રતાની જગ્યાએ ઔગ્ર્ય, ત્રાસની જગ્યાએ સંત્રાસ સંજ્ઞા મળે છે. 'રસાર્ણવસુધાકર'માં પણ વ્યભિચારી ભાવના ૩૩ પ્રભેદો નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. માત્ર ઉગ્રતાની જગ્યાએ ઔગ્ર્ય સંજ્ઞા મળે છે.

૫ નૃપેન્દ્ર ભોજે ઇર્ષ્યા, શમ સ્નેહ એ ત્રણ વધારાના વ્યભિચારી ભાવો ગણાવ્યા છે તથા અપસ્માર અને મરણને અમાન્ય ઠેરવી બહિષ્કૃત કર્યા છે. હેમચન્દ્રાચાર્યે દમ્ભ, ઉદ્વેગ, ક્ષુધા-તૃષ્ણા, તથા રામચન્દ્ર-ગુણચન્દ્રે ક્ષુધા, તૃષ્ણા, મૈત્રી, મુદિતા, શ્રધ્ધા, દયા, ઉપેક્ષા, રતિ, સન્તોષ, ક્ષમા, માર્દવ, આર્જવ, તથા દાક્ષિણ્ય વિગેરેને સંભાવ્ય વ્યભિચારી ભાવો તરીકે ગણાવ્યા છે.

અગ્નિપુરાણમાં નિદ્રા, સુપ્ત તથા મરણને બહિષ્કૃત કરી શમની ગણના કરવામાં આવી છે અને કેવળ ૩૧ સંચારી (વ્યભિચારી) ભાવ ગણાવવામાં આવ્યા છે.

રસતરંગિણીકાર ભાનુદત્તે કામદશાઓને સંચારી (વ્યભિચારી) ભાવ માન્યા છે અને 'છલ' નામના નવીન વ્યભિચારીની કલ્પના કરી છે. ભાનુદત્ત અનુસાર નાયિકાના દસ સ્વભાવજ અલંકારોમાં મોટ્ટાયિત, કુટ્ટમિત, વિબ્બોક તથા વિહૃત આંતરવિકાર રૂપે તથા 'કિલકિંચિત' ઉભયાત્મક હોવાને લીધે વ્યભિચારી ભાવ માનવા જોઇએ. કામદશાઓમાંથી અભિલાષ, ગુણકથન તથા પ્રલાપ ક્રમશ: ઔત્સુક્ય સ્મૃતિ તથા ઉન્માદમાં સમાવિષ્ટ માનવામાં આવ્યા છે.

'હરિભક્તિ-રસામૃત-સિન્ધુ'માં રૂપ ગોસ્વામીએ ૩૩ વ્યભિચારીઓ ઉપરાંત માત્સર્ય, ઉદ્વેગ, દમ્ભ, ઇર્ષ્યા, વિવેક, નિર્ણય, કલૈવ્ય, ક્ષમા, કુતુક, ઉત્કંઠા, વિનય, સંશય તથા ધાષ્ટર્ય એ ૧૩ નવા વ્યભિચારી ભાવ ગણાવવામાં આવ્યા છે.

રસગંગાધરકાર પંડિતરાજ જગન્નાથે પણ દેવાદિ વિષયની રતિને ૩૪ મો વ્યભિચારી ભાવ કહયો છે અને આ ૩૪ વ્યભિચારી ભાવો ઉપરાંત માત્સર્ય, ઉદ્વેગ, દંભ, ઇર્ષ્યા, વિવેક, નિર્ણય, કલૈબ્ય (કાયરપણું), ક્ષમા, કુતૂહલ, ઉત્કંઠા, વિનય, સંશય, ધાષ્ટર્ય વિગેરે ભાવો જુદા જુદા ઉદાહરણોમાં દેખાઇ આવે છે એવું જણાવ્યું છે.

સંસ્કૃતના અનેક આચાર્યોએ આ નવા વ્યભિચારી ભાવોનો પરંપરાગત ૩૩ વ્યભિચારી ભાવોમાં સમાવેશ દર્શાવ્યો છે. કલૈવ્યનો દૈન્યમાં, ઇર્ષ્યાનો અમર્ષમાં (રૂપગોસ્વામી તથા જગન્નાથ), દંભનો અવહિત્થમાં (હેમચંદ્ર, રુપગોસ્વામી તથા જગન્નાથ), ઉદ્વેગનો નિર્વેદમાં (રૂપ ગોસ્વામી તથા જગન્નાથ) ક્ષુધા-તૃષ્ણાનો ગ્લાનિમાં (હેમચન્દ્ર-રામચંદ્ર-ગુણચંદ્ર) છલનો અવહિત્થમાં (ભાનુદત્ત) માત્સર્યનો અસૂયામાં (રૂપ ગોસ્વામી તથા જગન્નાથ) કુતુક-ઉત્કંઠાનો

ઔત્સુક્યમાં, વિનયનો વ્રીડામાં, સંશયનો તર્કમાં, ધાર્ષ્ટ્યનો ચપલતામાં (રુપ ગોસ્વામી) નિર્વેદમાં શમ તથા રતિનો, સ્નેહ તથા અરતિનો નિર્વેદમાં સમાવેશ થતો માનવામાં આવ્યો છે. તેજ પ્રમાણે મૈત્રી, શ્રધ્ધા તથા દાક્ષિણ્યનો રતિ નામના સ્થાયી ભાવમાં, દયા, સંતોષ, ક્ષમાનો ધૃતિમાં મુદિતાનો હર્ષમા તથા માર્દવ અને આર્જવનો નિર્વેદ સ્થાયી ભાવ (શાન્ત રસનો) અંતર્ગત સમાવેશ માનવામાં આવ્યો છે.

આ પ્રમાણે યધપિ સંચારી (વ્યભિચારી) ભાવોની પરંપરિત સંખ્યા ૩૩ જ છે. અને સ્થાયી ભાવ પણ વ્યભિચારી બની શકે છે, અનુભાવો પણ વ્યભિચારી સંભવી શકે છે એટલે આ સમસ્ત આંતર અને બાહય ભાવોમાં આંતર ભાવોને વ્યભિચારી ભાવોમાં સમાવી શકાય. વ્યભિચારી ભાવોની સંખ્યા મોટે ભાગે બધાજ આચાર્યોએ 'અનિશ્ચિત' બતાવી છે પરંતું ઉપલક્ષણથી તેને ૩૩ માનવામાં આવ્યા છે. વ્યભિચારી ભાવોની સંખ્યાનો પૂર્ણ પરિમિતિને ધ્યાનમાં રાખી એ જોવું ઉચિત ગણાશે કે માનવજીવનનો, માનસશાસ્ત્ર અનુસાર બતાવવામાં આવેલી પરિસ્થિતિઓની અભિવ્યક્તિ માટે ઓછામાં ઓછા કેટલા વ્યભિચારી ભાવોની જરુર પડે અને એ રીતે કવિ તથા પ્રયોકતાએ તેનું નિરુપણ કરવું જોઇએ.

વ્યભિચારી ભાવોનું વિશ્લેષણ

ભરતમુનિએ ગણાવેલા ૩૩ વ્યભિચારી ભાવોમાંથી પ્રત્યેકનું પૃથકપણે વિશ્લેષણ કરી શકાય. તે ઉપરાંત અન્ય આચાર્યોએ નિરુપેલા પ્રત્યેક વ્યભિચારી ભાવના સ્વરુપનો પણ ઉલ્લેખ કરી શકાય.

ભરતમુનિએ પ્રત્યેક વ્યભિચારી ભાવના વિભાવ અને અનુભાવ પૃથકપણે નિરુપી તેનું સ્વરુપ સ્પષ્ટ કરી આપવાનો પ્રયત્ન કર્યો છે. કોઇપણ વ્યભિચારી ભાવની વ્યુત્પત્તિ કે પરિભાષા ભરતમુનિએ આપી નથી. અન્ય આચાર્યોએ પ્રત્યેક વ્યભિચારી ભાવના વિભાવ અને અનુભાવ સાથે નિરુપી તેનો વ્યભિચારી ભાવના લક્ષણ રુપે સમાવેશ કર્યો છે.

અત્રે પ્રત્યેક વ્યભિચારી ભાવનું લક્ષણ તથા સંસ્કૃત તેમજ અન્ય નાટ્યસાહિત્યમાંથી યથાયોગ્ય ઉદાહરણ આપવાનો ઉપક્રમ છે. ભરતમુનિ તથા અન્ય આચાર્યો ધ્વારા નિરુપિત પ્રત્યેક

વ્યભિચારી ભાવના વિભાવ અને અનુભાવ પ્રસ્તુત અધ્યાયમાં સ્વતંત્ર પ્રકરણરૂપે રજુ કરવામાં આવ્યા છે.

(૧) નિર્વેદ

તત્વજ્ઞાન (દેહ વિષયની અસારતાનું જ્ઞાન) આપત્તિ, ઇર્ષ્યા તથા પુરાણશ્રવણ વિગેરે કારણોને લીધે પોતાની જાતનો જે તિરસ્કાર ઉપજે છે તેને નિર્વેદ કહે છે. ધનંજયના મત પ્રમાણે તત્વજ્ઞાન, આપત્તિ, ઇર્ષ્યા વિગેરે કારણોથી મનુષ્ય પોતાની અવમાનના કરે તેને નિર્વેદ કહે છે. નાટ્યદર્પણ અનુસાર તત્વજ્ઞાનપરક ચિત્તવૃત્તિનું નામ નિર્વેદ છે, જે કલેશથી ઉત્પન્ન વિરસતાને કારણે જન્મે છે. 'સાહિત્યદર્પણ' અનુસાર તત્વજ્ઞાન, આપત્તિ, ઇર્ષ્યા વિગેરે કારણે જાત પરત્વે તિરસ્કાર ઉપજવો, પોતાની જાતને ધિક્કારવો તેને નિર્વેદ કહે છે. 'રસાર્ણવસુધાકર' અનુસાર નૈષ્ફલ્યમતિ નિર્વેદ કહેવાય છે. જગન્નાથ નિર્વેદને ચિત્તવૃત્તિરુપ ગણે છે.

ભરતમુનિના કથન અનુસાર નીચ કોટિનાં પાત્રોમાં આક્રંદ, મારામારી, દરિદ્રતા વિગેરે પામરતાથી તથા ઉત્તમ પાત્રોમાં અવજ્ઞાથી નિર્વેદ જન્મે છે. શારદાતનયના મત પ્રમાણે તત્વજ્ઞાન જન્ય નિર્વેદ યોગીઓમાં અનુપાદેય છે. જગન્નાથના કથન અનુસાર નીચલા દરજ્જાના પાત્રોમાં બીજા ગાળ દે, અપમાન કરે, મારપીટ, વ્યાધિ, દારિદ્ર, પ્રિયવસ્તુનો વિરહ, બીજાનો ઉત્કર્ષ જોવો વિગેરે કારણોસર નિર્વેદની મનોવૃત્તિ/ચિત્તવૃત્તિ જન્મે છે જ્યારે ઉત્તમ પ્રકારના પાત્રોમાં અવહેલનાને કારણે નિર્વેદ ચિત્તવૃત્તિ જન્મે છે.

મમ્મટ વિગેરે આચાર્યો 'નિર્વેદ'ને શાન્તરસનો સ્થાયી ભાવ ગણે છે. શાન્તરસનો સ્થાયી ભાવ 'નિર્વેદ' નિત્ય તથા અનિત્ય વસ્તુઓના વિવેકથી ઉત્પન્ન થાય છે તેથી ત્યાં તે સ્થાયી ભાવ છે પણ અહીં દારિદ્ર્ય વિગેરે કારણોથી ઉત્પન્ન થવાને લીધે તે વ્યભિચારી ભાવ છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

ધનંજયના કથન અનુસાર વિભાવ અને અનુભાવ તથા રસોના અંગોના ભેદ-ઉપભેદથી અનેક પ્રકારના નિર્વેદ સંભવે છે.

રાવણનો નિમ્નાંકિત ઇર્ષ્યાજન્ય નિર્વેદનું ઉદાહરણ છે, જે દશરુપકકારે નિરુપ્યું છે.

રાવણ: મને ધિક્કાર છે કે મારા અગવા પરાક્રમશાળીઓ પણ મારા શત્રુ થઇ ગયા અને શત્રુ પણ થયા તો એવા કે જેમનું તપસ્યા કરવી એ એક માત્ર કાર્ય બની ગયું અને શરમની વાત તો એ છે કે આ શત્રુ મારી સામેજ રાક્ષસવીરોને મારી રહયા છે અને છતાં રાવણ હજુ જોવે છે ! ઇન્દ્રને જીતનાર મેઘનાદને પણ ધિક્કાર છે, અરે કુંભકર્ણને જગાડવાથી પણ શો લાભ થયો ? અને મારી આ ભુજાઓથી પણ શો લાભ ? જે આવા કર્મો મારી આંખ સામે થઇ રહયા છે ! ''

(૨) ગ્લાનિ

રતિનો શ્રમ, મનનો પરિતાપ, ભુખ, તરસ ઇત્યાદિથી શરીરનો જે શિથિલતા તથા મનનું કરમાઇ જવાપણું ઉપજે છે તેને ગ્લાનિ કહે છે. ગ્લાનિ એટલે મનનો થાક. ધનંજયના કથન અનુસાર રતિકળાના અભ્યાસથી, ભુખ, તરસ, પરિશ્રમ વિગેરે કારણોથી જે નિષ્પ્રાણતા આવી જાય છે તેને 'ગ્લાનિ' કહે છે. નાટ્યદર્પણ અનુસાર વાર્ધકય તથા શ્રમ વિગેરેને લીધે ઉત્પન્ન શારીરિક, માનસિક પોઠાને ગ્લાનિ કહે છે. સાહિત્યદર્પણ અનુસાર રતિ, પરિશ્રમ, મનસ્તાપ, ભુખ, તરસ વિગેરેથી ઉત્પન્ન નિષ્પ્રાણતા ગ્લાનિ કહેવાય છે. 'રસગંગાધર' અનુસાર શારીરિક તથા માનસિક રોગને લઇને આવતી નબળાઇથી ઉત્પન્ન દુ:ખવિશેષરુપ ચિત્તવૃત્તિ ગ્લાનિ કહેવાય છે.

અહીં ગ્લાનિ માનસિક સ્થિતિઓની અપેક્ષા શારીરિક સ્થિતિઓથી ઉત્પન્ન નિદર્શિત કરવામાં આવી છે તેનું કારણ એ કે શારીરિક સ્થિતિઓ માનસિક શિથિલતા ઉત્પન્ન કરે છે. તેથીજ કેટલાક આચાર્યોએ માનસિક કષ્ટ તથા રોગથી ઉત્પન્ન થનારી શકિતહીનતાને ગ્લાનિ કહી છે. જો કે અભિનવગુપ્ત કષ્ટની અપેક્ષા રોગજન્ય નિર્બળતાથી થનારી વિવર્ણતા વિગેરે જ્ઞાતા ભાવવિશેષને ગ્લાનિ માને છે.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના ત્રીજા અંકમાં રાજા દુષ્યન્ત શકુંતલાની ગ્લાનિનું નિરુપણ નીચેના પદ્યમાં કરે છે.

રાજા: બેસેલા જરા ગાલવાળું મુખ, ને ઢોલી પડો છાતડો,
ઝાઝી પાતળી કેડ, ખૂબ ઢળતા સ્કંધો, છબી તો ફીકી,
દીસે દામણી તોય સુંદર કશી કામે પિડાતાં પ્રિયા ।
સ્પર્શી, શોષણ પર્ણ કેરું કરતાં, વાએ યથા માધવી.

અંક-૩ શ્લોક ૧૧
અનુ: શ્રી ઉમાશંકર જોષી.

(૩) શંકા

ભરતમુનિના કથન અનુસાર શંકા, સંદેહાત્મક સ્વરુપવાળી તથા સ્ત્રી તથા નીચ પાત્રોમાં ઉત્પન્ન થનારી હોય છે. અન્યની ક્રૂરતાને કારણે (પરસમુત્થા) પોતાના દોષને કારણે - ચોરી કરી હોય, ગુનો કર્યો હોય, પાપ કર્યું હોય - 'હવે શું થશે' એવી ભયયુકત લાગણી તે શંકા. શત્રુની ક્રૂરતા અથવા પોતાના દોષથી અનર્થનો તર્ક થાય તે શંકા. શંકાના વહેમ, સંશય, બીક, વિતર્ક એવા પર્યાયો પણ કેટલાક આચાર્યો ગણાવે છે. ધનંજય, બીજાની ક્રૂરતા તથા પોતાના દુર્વ્યવહારથી પોતાના ઇષ્ટહાનિની આશંકા થઇ આવવી તેને શંકા કહે છે. નાટ્યદર્પણ અનુસાર પોતાના અથવા બીજાના દુષ્કર્મોથી મનનું કમ્પન શંકા કહેવાય છે. અન્યની ક્રૂરતા તથા પોતાના દોષથી પોતાના અનિષ્ટની ઉહા 'શંકા' કહેવાય છે એવો સાહિત્યદર્પણનો મત છે. 'રસગંગાધર' અનુસાર 'મારું શું ભલું બુરું થશે કોણ જાણે ? ' એવી જાતની જે વિશિષ્ટ ચિત્તવૃત્તિ તે શંકા. શંકા ભય વિગેરેને પેદા કરીને કમ્પ વિગેરેનું કારણ બને છે પણ ચિંતા એમ કરતી નથી એટલે ચિંતા અને શંકામાં ફરક છે એવું 'રસગંગાધર' માં કથન છે.

બીજાની ક્રૂરતાને કારણે થનારી શંકાનું ઉદાહરણ 'રત્નાવલી' નાટિકામાં જોવા મળે છે. મહારાજ ઉદયનની રત્નાવલી સંબંધી નિમ્નોકિત 'પરસમુત્થા શંકા'નું ઉદાહરણ છે.

ઉદયન: તપસ્વિની સાગરિકાની ચિન્તા, કરું છું કારણ કે 'હું ઓળખાઇ ગઇ' એમ માનીને
આ બધાની સામેથી શરમથી મુખ ફેરવી લે છે. બે મનુષ્યના વાર્તાલાપને જોઇને
પોતાને લગતી વાત માની લે છે. સખીઓ હસે ત્યારે અધિક શરમાઇ જાય છે. આ
રીતે ઘણું કરીને પ્રિયા હૃદયમાં રહેલ ભયથી વ્યાકુળ થઇ રહી છે.

રત્નાવલી અંક-૩ શ્લોક -૪

## (૪) અસુયા

બીજાના, ગુણ, સમૃધ્ધિ, માન પરાક્રમ જોઇને ઉધ્ધતપણાથી તે સહન ન કરી શકવાનો ભાવ તે અસુયા. અન્યના ગુણો, સંપત્તિ, ઉત્કર્ષ સાંખી ન શકાય એવી વૃત્તિ તે અસુયા. દ્વેષ વિગેરેની લીધે કોઇના સદ્ગુણ સહન ન કરવા તે અસુયા.

ધનંજય, બીજાની ઉન્નતિ ન સહી શકવી તેને અસુયા કહે છે. નાટ્યદર્પણ અનુસાર દ્વેષ વિગેરેને કારણે બીજાના સદ્ગુણો સહન કન કરી શકવા અસુયા કહેવાય છે. ઔધ્ધત્યના કારણે બીજાની ગુણસમૃધ્ધિ સહન ન કરવી તેને અસુયા કહે છે એવો 'સાહિત્યદર્પણ'નો મત છે. બીજાનો ઉત્કર્ષ જોવો વિગેરેથી ઉત્પન્ન થતી ચિત્તવૃત્તિ તે અસુયો એવો જગન્નાથનો મત છે.

ભરતમુનિએ ટાંકેલી પરંપરિત આર્યા અનુસાર બીજાના સૌભાગ્ય, સમૃધ્ધિ, બુધ્ધિ, ક્રીડા તથા ઉત્કર્ષ જોઇને અપરાધી મનુષ્યના હ્રદયમાં 'અસુયા' પેદા થાય છે.

'વીરચરિત' નાટકમાં આવતી કોઇ રાક્ષસની નિમ્નોકિત અસુયા (ગર્વ જન્ય અસુયા) નું ઉદાહરણ બની રહે છે.

રાક્ષસ: મારા સ્વામી રાવણે સીતારુપી ફળની પ્રાપ્તિ માટે ભિક્ષુક બની યાચના પણ કરી પણ તે સ્વામી વિરુધ્ધ આચરણ કરનારો, તેમને ન મળતાં રામને મળી ગઇ, એ વાત સમજાતી નથી કે શત્રુના માન અને યશની વૃધ્ધિ તથા પોતાના હ્રાસને તથા સ્ત્રીઓમાં રત્ન સમાન તે સીતાને બીજાના હાથમાં જોઇ સંસારના સ્વામી રાવણ કેવી રીતે સહન કરી શકશે ?

## (૫) મદ

ભરતમુનિના કથન અનુસાર મદ્યપાન વિગેરેના સેવનથી 'મદ' ઉત્પન્ન થાય છે. મદ એટલે મદ્યપાનથી ચડતો નશો. ભાંગ, દારુ વિગેરે પીવાથી મૂઢતા પ્રાપ્ત થવા છતાં જે આનંદ પ્રકટ જોવામાં આવે છે તે મદ. ભરતમુનિએ મદને ત્રણ પ્રકારનો તથા પાંચ ભાવોથી યુકત માન્યો છે. મદના ત્રણ પ્રકાર તે (૧) તરુણ (૨) મધ્ય તથા (૩) અવકૃષ્ટ.

રંગમંચ પર નાટક ચાલતું હોય ત્યારે રંગભૂમિ ઉપર આવીને મદ્યપાન કરનારે મદની વૃધ્ધિ કરવી (અભિનય ધ્વારા દર્શાવવી) અર્થાત પાત્રએ મદ્યપાન કર્યું છે તે અભિનય ધ્વારા દર્શાવવું જોઇએ એમ જણાવી ભરતમુનિ સ્પષ્ટપણે ચેતવણી આપે છે કે જો નટ વાસ્તવમાં મદ્યપાન કરીને મંચ ઉપર પ્રવેશ્યો હોય તો ક્રમશ: ત્રાસ, શોક, ભય, હર્ષ વિગેરે ઉપાયો ધ્વારા તેનો નશો ઉતારી દેવો જોઇએ નહિ તો અભિનયમાં વિઘ્ન ઉત્પન્ન થઇ શકે છે.

(અધ્યાય ૭ શ્લોક ૪૪ થી ૪૬)

ધનંજયના કથન અનુસાર મદિરા વિગેરે માદક પીણાના પાનથી ઉત્પન્ન થનારી અત્યંત પ્રસન્નતા (હર્ષોત્કર્ષ) મદ કહેવાય છે. મદ્યપ પાત્રો ઉત્તમ, મધ્યમ અને અધમ ત્રણ પ્રકારના હોય છે.

શારદાતનયના મત પ્રમાણે કેવળ મદ્યના ઉપયોગથીજ નહિ પણ ઐશ્વર્ય, વિદ્યા, જન્મ તથા ઉત્તમ સ્ત્રીના આલિંગનથી મદ ઉત્પન્ન થાય છે. મદ્યના ઉપયોગથી ઉત્પન્ન 'મદ' વ્યભિચારી ભાવ તરુણ, મધ્ય અને અપકૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારનો હોય છે. તેની જયેષ્ઠા, મધ્યા અને કનિષ્ઠા એમ ત્રણ પ્રકારની પ્રકૃતિ હોય છે.

નાટ્યદર્પણ અનુસાર જયેષ્ઠ આદિ (અર્થાત્ ઉત્તમ, મધ્યમ અથવા અધમ પાત્રો) માં મદ્યજન્ય તથા નિદ્રા, હાસ્ય અને રુદન ઉત્પન્ન કરનાર આનન્દ મદ કહેવાય છે. નાટ્યદર્પણમાં પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે સ્વામીના મનોરંજન માટે પણ મદ્યપાનનો અભિનય કરવામાં આવે છે. તેમાં મદ વ્યભિચારી ભાવ હોય છે. જો નટ વાસ્તવમાં મદ્યપાન કરી અભિનય કરવા માટે આવે તો તેનો મદ ભયાદિ ધ્વારા દુર કરવો જોઇએ નહિ તો અભિનય કાર્યમાં વિઘ્ન આવે છે.

'સાહિત્યદર્પણ' અનુસાર સંમોહન તથા આનન્દ મિશ્રિત અવસ્થા મદ કહેવાય છે જે મદ્ય વિગેરેના સેવનથી પેદા થાય છે. 'રસગંગાધર' અનુસાર મદ્ય વિગેરેનું સેવન કરવાથી ઉત્પન્ન થયેલી ઉલ્લાસ (કેફ) નામની વિશિષ્ટ ચિત્તવૃત્તિ 'મદ' નામનો ભાવ કહેવાય છે.

ઋગ્વેદના સંવાદસુકતોમાં ૧૦માં મંડળમાં ૧૧૯ માં સુકતમાં ઇન્દ્ર સોમરસની અસર નીચે આવી આત્મપ્રશંસા કરે છે, તે મદનું ઉદાહરણ બની રહે છે. આ ઇન્દ્રની એક પ્રકારની

એકોક્તિ છે. 'આ પૃથ્વીને અહીં મુકી દઉં કે અહીં' '' એવી ઉક્તિ અસંબધ્ધ પ્રલાપનું ઉદાહરણ છે.

માલવિકાગ્નિમિત્ર'માં રાણી ઇરાવતીને મદિરાપાનની શોખીન નિરુપવામાં આવે છે. ત્રીજા અંકમાં રંગનિર્દેશમાં સુચવાયું છે તેમ તે મદોન્મત્ત અવસ્થામાંજ પ્રવેશે છે.

ઇરાવતી: (અવસ્થાને અનુરુપ આમતેમ આમતેમ ફરીને) અલી ! મદીરાપાનથી મત્ત એવું મારું હ્રદય સ્વામીના દર્શન માટે મને ઉતાવળ કરાવે છે પણ પગ રસ્તે આગળ વધતા નથી.

આ ઉક્તિ 'મદ'નું ઉદાહરણ બની રહે છે.

## (૬) શ્રમ

શારીરિક આયાસથી ઉત્પન્ન થનારા થાક અથવા ખેદને શ્રમ કહેવામાં આવે છે. લાંબી યાત્રા, રતિક્રીડા, નૃત્ત વિગેરે કારણોથી લાગતો થાક કે જેનાથી હાંફ ચડે, અંગ ઢીલા લાગે, ઉંઘ આવે તે શ્રમ એવું ભરતમુનિનું મંતવ્ય છે.

ધનંજયના કથન અનુસાર યાત્રા, રતિ વિગેરે કારણોથી જે થાક ઉત્પન્ન થાય છે તેને શ્રમ કહે છે. 'નાટ્યદર્પણ' અનુસાર રતિક્રીડા, માર્ગગમન અને વ્યાયામ-કારણોને લીધે ઉત્પન્ન થાક શ્રમ કહેવાય છે. 'સાહિત્યદર્પણ' અનુસાર રતિ તથા માર્ગગમનથી ઉત્પન્ન ખેદ તે શ્રમ. 'રસગંગાધર' અનુસાર અતિશય શારીરિક હિલચાલથી ઉત્પન્ન થયેલો વિશેષ પ્રકારનો થાક તેજ શ્રમ નામનો ભાવ. શરીરમાં તાકાત હોવા છતાં શ્રમ (અર્થાત થાક) થાય છે. તે શરીરની વધારે પડતી હિલચાલથી થાય છે. તેથીજ તેને ગ્લાનિ ન કહેવાય. ગ્લાનિ અને શ્રમ એ બે માં એજ ફરક એવું રસગંગાધરમાં કથન છે.

માર્ગગમનથી ઉત્પન્ન થતા શ્રમનું ઉદાહરણ 'ઉત્તરરામચરિત' માં મળી આવે છે. રામ સીતાને કહે છે કે - (અંક ૧/ શ્લોક ૨૪)

રામ : પથ થકી અકડાયાં, થાકીને લોથપોથ<br>
મૃદુ, વળી દ્રઢ ભેટયે અંગ ચંપાયલાં જે,<br>
અતિ મસળી મૃણાલીની સમાં દૂબળાં તે,<br>
મુજ ઉર પર નાખી જ્યાં તું ઉંઘી ગયેલી. (અનુ:શ્રી ઉમાશંકર જોશી)

(૭) આલસ્ય

મહેનત, ગર્ભધારણ જેવા કારણોથી જે જડતા પેદા થાય છે તે આલસ્ય અર્થાત આળસ. ખેદ વિગેરેના લીધે ચિત્તનું કાર્યવિમુખ થઇ જવું આળસ કહેવાય છે. ધનંજય, થાક-ગર્ભભાર વિગેરે કારણોસર ઉત્પન્ન જડતાને આલસ્ય કહે છે. નાટ્યદર્પણ અનુસાર શ્રમ વિગેરેને લીધે કાર્યમાં ઉત્સાહ ન હોવો 'આલસ્ય' કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર શ્રાન્તિ અને ગર્ભાદિ જન્ય જડતાને આલસ્ય કહે છે. 'રસગંગાધર' પ્રમાણે અત્યંત તૃપ્તિ, ગર્ભ, વ્યાધિ, શ્રમ વિગેરેથી ઉત્પન્ન થતી, કંઇજ ન કરવું એવી જે વૃત્તિ તે આલસ્ય નામનો ભાવ. આ દશામાં ન તો અશક્તિ હોય છે ન તો કર્તવ્યાકર્તવ્ય અર્થાત શું કરવું અને શું ન કરવું એ જ્ઞાનનો અભાવ. તેથી પ્રત્યક્ષ કાર્ય ન થાય એ જે અનુભાવ આળસ, ગ્લાનિ તથા જડતામાં એકસરખો હોવા છતાં આ ત્રણે ભાવમાં ફરક છે એવું રસગંગાધરમાં કથન છે.

'માલવિકાગ્નિમિત્ર' નાટકના ચોથા અંકમાં સ્વભાવે આળસુ એવો વિદૂષક ગૌતમ દરવાજા પાસે ચોકી કરતાં ઘસઘસાટ ઉંઘી જાય છે તે 'આલસ્ય'નુ ઉદાહરણ બની રહે છે.

(૮) દૈન્ય

માણસ દુર્દશામાં આવી પડતાં એના મનનો ઉત્સાહ નાશ પામે તે અવસ્થા તે દૈન્ય. ધનંજયના કથન અનુસાર દરિદ્રતા અને તિરસ્કાર વિગેરેથી થનારી ચિત્તની ઉદાસીનતા દૈન્ય કહેવાય છે. 'નાટયદર્પણ' પ્રમાણે આપત્તિઓને કારણે મનની વિકળતા દૈન્ય કહેવાય છે. 'સાહિત્ય દર્પણ' અનુસાર દુર્ગતિ વિગેરેથી ઉત્પન્ન ઓજસ્વિતાનો અભાવ 'દૈન્ય' કહેવાય છે. 'રસગંગાધર' અનુસાર દુઃખ, દારિદ્રય, અપરાધ, વિગેરેથી ઉત્પન્ન થયેલી ચિત્તવૃત્તિ તેજ દૈન્ય નામનો ભાવ.

મૃચ્છકટિક પ્રકરણના પ્રથમ અંકમાં ચારુદત્તની નિમ્નોકિત દારિદ્રયજન્ય દૈન્યનું ઉદાહરણ છે.

ચારુદત્ત: મિત્ર,ખરેખર, દારિદ્ર્ય મનુષ્ય માટે ચિંતાનું સ્થાન છે, અત્યંત અપમાનરુપ છે. અન્ય વેર છે., મિત્રોનો ધિક્કાર છે, પોતાના માણસોમાં અને પારકા લોકોમાં વિદ્વેષ કરનાર છે, વનમાં જવાનો વિચાર થાય છે અને સ્ત્રીથી અપમાન થાય છે. હૃદયમાં રહેલો શોકાગ્નિ બાળતો નથી, પણ સંતાપે છે. (શ્લોક -૧૫)

(૯) ચિન્તા

ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ ન થવાથી વિચારમાં લીન થઇ જવું તે ચિંતા. વાંછિત વસ્તુ પ્રાપ્ત ન થવાથી તથા અનિષ્ટ વસ્તુ પ્રાપ્ત થવાથી જે ચિત્તવૃત્તિ વિશેષ બને છે તે 'ચિન્તા' કહેવાય છે. ઇષ્ટની અપ્રાપ્તિ, અનિષ્ટની ઘટના વિગેરેથી થતી ઉંડી વિચારની સ્થિતિ 'ચિન્તા' કહેવાય છે. ધનંજયના કથન અનુસાર ઇષ્ટ વસ્તુ ન પ્રાપ્ત થવાથી તેના વિષયમાં ધ્યાન પરોવાઇ રહેવું તે ચિન્તા. નાટ્યદર્પણ અનુસાર ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવાથી અથવા અનિષ્ટની પ્રાપ્તિ થવાથી ઉત્પન્ન થતી માનસિક પીડા 'ચિન્તા' કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર હિતની અપ્રાપ્તિને કારણે ઉત્પન્ન ધ્યાનને ચિન્તા કહે છે. 'રસગંગાધર' અનુસાર ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવાથી તથા અનિષ્ટની પ્રાપ્તિ થવાથી જે પેદા થાય છે તે ધ્યાન એ જેનું બીજું નામ છે એવી જે વિશિષ્ટ ચિત્તવૃત્તિ તે ચિંતા નામનો ભાવ વિતર્ક વ્યભિચારી ભાવ ચિંતાની પૂર્વક્ષણે અથવા તેના પછી પેદા થાય છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવાથી તે વસ્તુ માટે જે તાલાવેલી થાય છે તેને ચિંતન કહે છે. આમ ચિંતા, વિતર્ક તથા ચિંતન આ ત્રણે ભાવોમાં ફરક છે.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના પ્રથમ અંકમાં રાજાનો નિમ્નોકિત શૃંગાર રસના વ્યભિચારી ભાવ ચિંતા'નું ઉદાહરણ છે.

રાજા: (શકુંતલાને ધારીને જોઇ, આત્મગત) શું વારું, મારું જેમ એના વિષે છે તેમ એનું પણ મારી પ્રત્યે હશે....

( અનુવાદ: શ્રી ઉમાશંકર જોશી )

## (૧૦) મોહ

ભય, દુઃખનો આવેગ અને કોઇ પદાર્થની અતિશય ચિંતા કરવાથી જે મુઢતા થાય છે. -વિચાર કરવાનું સામર્થ્ય જતું રહે છે તે મોહ. ભય, પ્રિયજનવિયોગ, દુઃખનો આવેગ વગેરેથી થતી વસ્તુતત્વનું ગ્રહણ ન કરી શકે તેવી મનોદશા તે મોહ. દૈવોપઘાત વિગેરે કારણોથી ચિત્તનું અસ્તવ્યસ્ત થઇ જવું તે મોહ.

ધનંજયના કથન અનુસાર ભય, દુઃખ, આવેશ તથા સ્મરણ વિગેરેને કારણે ઉત્પન્ન થતા 'ચિત્તવિક્ષેપ'ને મોહ કહે છે. 'નાટ્યદર્પણ' પ્રમાણે પ્રહાર વિગેરેથી ઉત્પન્ન અચૈતન્ય મોહ કહેવાય છે. 'સાહિત્યદર્પણ' અનુસાર ભય, દુઃખ, ગભરાટ, અત્યંત ચિન્તા વિગેરે કારણોથી ઉત્પન્ન ચિત્તની વિકલતા મોહ કહેવાય છે. 'રસગંગાધર' અનુસાર ભય, વિયોગ વિગેરે વડે ઉત્પન્ન થનારી અને વસ્તુનું સાચું સ્વરુપ ન જાણનારી જે ચિત્તવૃત્તિ તે મોહ નામનો વ્યભિચારી ભાવ. 'ચિન્તા' મોહનું પરિણામ છે એટલે ચિન્તા અને મોહ બંને ભિન્ન ભાવો છે.

ભવભુતિના 'ઉત્તરરામચરિત'માં રામની નિમ્નોકિત 'મોહ'નું ઉદાહરણ છે.
(અંક ૧/૩૫)

રામ: શકે થૈ નાં નક્કી: સુખ કદી હશે, દુઃખ અથવા,
હશે નિદ્રા, મોહ પ્રબળ, વિષફેલાવ, મદ વા ।
તવ સ્પર્શે સ્પર્શે જડ મુજ થયો ઇન્દ્રિયગણ,
વિકારે ચૈતન્ય ભ્રમિત થતું ને સ્તબ્ધ બનતું.

(અનુ: શ્રી ઉમાશંકર જોષી)

કાલિદાસના 'વિક્રમોવર્શીય' નાટકમાં ઉર્વશીના વિયોગમાં પુરુરવા હંસ ઉપર ઉર્વશીનું હરણ કર્યાનો આક્ષેપ મુકે છે કારણ કે હંસની ચાલ તેને ઉર્વશી જેવી લાગે છે. અહીં વસ્તુનું સાચું સ્વરુપ ન જાણનારી ચિત્તવૃત્તિ 'મોહ' કહેવાય.

## (૧૧) સ્મૃતિ

પુર્વે જેનો અનુભવ થયો હોય તેના સંસ્કારથી થતું અસંનિહિતવિષયક જ્ઞાન, સ્મરણ તે સ્મૃતિ. અગાઉ કર્યાં તો કેવળ માનસિક રીતે અથવા તો પ્રત્યક્ષ અનુભવેલ સુખ કે દુ:ખની લાગણીઓનું પાછળથી સ્મરણ થાય તે સ્મૃતિ. અગાઉ અનુભવેલ વસ્તુની સમાન વસ્તુ જોવાથી અથવા સાંભળવાથી અથવા વિચારે ચઢી જવાથી આગલી વાત યાદ આવી જાય તેને સ્મૃતિ કહે છે. કોઇ સમાન પદાર્થ જોવાથી પુર્વદૃષ્ટ અર્થનો મનમાં જે સંસ્કાર ઉદ્બુધ્ધ થાય તેને સ્મૃતિ કહે છે. તેમાં પહેલાં કોઇ જ્ઞાનવસ્તુનું પુન:જ્ઞાન થાય છે.

ભરતમુનિ પરંપરિત આર્યા ટાંકતા કહે છે જે વ્યકિત બુધ્ધિ ધ્વારા વિભાવિત અતીતના સુખદુ:ખનું તથા ભુલાઇ ગયેલી વાતોનું સ્મરણ કરે છે તેને સ્મૃતિવાન માનવો જોઇએ.
(અધ્યાય-૭ શ્લોક ૫૪)

ધનંજયના કથન અનુસાર પહેલાં જોયેલી વસ્તુ જેવી અન્ય વસ્તુને જોઇ સંસ્કાર ધ્વારા મનમાં પહેલાં જોયેલી એ વસ્તુનું જે રુપ અંકિત થાય તેને સ્મૃતિ કહે છે. 'નાટ્યદર્પણ' અનુસાર સદૃશ પદાર્થને જોવાથી ઉત્પન્ન પુર્વદૃષ્ટ અર્થનું જ્ઞાન 'સ્મૃતિ' કહેવાય છે. 'સાહિત્યદર્પણ' અનુસાર સદૃશ વસ્તુના અવલોકન તથા ચિન્તન વિગેરેથી પુર્વાનુભુત વસ્તુનું સ્મરણ સ્મૃતિ કહેવાય છે. 'રસગંગાધર' પ્રમાણે સંસ્કારથી ઉત્પન્ન થતું જ્ઞાન એટલેજ સ્મૃતિ. કોઇપણ વસ્તુનો અનુભવ લીધા પછી તે અનુભવની ચિત્તમાં જે છાપ પડે છે તેને સંસ્કાર કહે છે. આ સંસ્કાર મનુષ્યના મનના ઓરડામાં કાયમને માટે પડી રહેલો હોય છે. પણ કોઇ વખત પુર્વે અનુભવેલી વસ્તુની સાથે સંબંધ ધરાવતી બીજી નવી વસ્તુ જો જોવામાં આવે અથવા પુર્વાનુભુત વસ્તુને મળતી બીજી વસ્તુ જોવામાં આવે તો ચિત્તના ઓરડામાં ઉંડો લપાઇ રહેલો અથવા સુપ્ત દશામાં પડેલો તે સંસ્કાર એકદમ જાગ્રત થાય છે અને સ્મૃતિરુપી જ્ઞાન ઉત્પન્ન કરે છે એવો તાર્કિકોનો સિધ્ધાંત છે.

'માલતીમાધવ'માં માધવની નિમ્નોકિત સ્મૃતિનું ઉદાહરણ છે.

માધવ: તે પ્રિયા જાણે લીન થઇ હોય, પ્રતિબિંબિત થઇ હોય, ચીતરેલી હોય, કોતરાઇ ગયેલી આકૃતિવાળી હોય, રોપાયેલી હોય, વજ્રલેપથી બનાવેલી હોય, અંદર (દિલમાં)

ખોદઇને દાટો દીધો હોય, કામદેવના પાંચ બાણથી જડી દેવાઇ હોય અને સતત ચિન્તારુપી દોરીઓ વડે મજબુત સિવાઇ હોય તેમ મારા અંતરમાં લાગી ગઇ છે.

(અંક ૫/૧૦)

(૧૨) ધૃતિ

મનની સ્થિરતા, તૃપ્તિ, સંતોષ તે ધૃતિ. લોભ, શોક, ભય, આદિમાં હિંમત રહે, એવી મનની દૃઢતા તે ધૃતિ. જ્ઞાન પ્રાપ્તિથી જે સંતોષ થાય, દુ:ખમાં ધીરજ, સુખ-સમયમાં છકી નવ જવું, દુ:ખમાં ન હિંમત હારવી' એ જાતની મનની સ્થિતિ તે ધૃતિ. સુખ આપનારા જે પદાર્થો આવી મળે તેને ગૌરવપૂર્વક ભોગવવા અને જે ન મળે, છીનવાઇ ગયા હોય, અધુરા મળે તે અંગે શોક ન કરવો તેવી મનોવૃત્તિ તે ધૃતિ.

ભરતમુનિ પરંપરિત આર્યા ટાંકતાં જણાવે છે કે જેમાં શબ્દ, સ્પર્શ, રુપ, રસ, અને ગન્ધ પ્રાપ્ત થવાથી તેનો ઉપભોગ કરવામાં આવે તથા તે પ્રાપ્ત ન થવાથી શોક ન કરવામાં આવે તેવી દશાને ધૃતિ કહે છે. (અધ્યાય ૭ /શ્લોક ૫૭)

ધનંજયના કથન અનુસાર જ્ઞાન અથવા શકિત વિગેરેની પ્રાપ્તિથી જે અપ્રતિહત આનન્દનો જનક એવો જે સંતોષ પેદા થાય છે તેને ધૃતિ કહે છે. 'નાટ્યદર્પણ' અનુસાર જ્ઞાન અથવા ઇષ્ટ પ્રાપ્તિ વિગેરેથી ઉત્પન્ન સંતોષ ધૃતિ કહેવાય છે. 'સાહિત્યદર્પણ' અનુસાર તત્વજ્ઞાન તથા ઇષ્ટ પ્રાપ્તિ વિગેરેને કારણે ઇચ્છાઓ પુર્ણ થવી તેને ધૃતિ કહે છે. 'રસગંગાધર' અનુસાર લોભ, શોક, ભય, વિગેરેથી ઉત્પન્ન થયેલો જે મન:ક્ષોભ તેને દબાવવાને માટે કારણ થતી જે વિશિષ્ટ ચિત્તવૃત્તિ તેને ધૈર્ય એટલે ધૃતિભાવ કહેવો.

'મૃચ્છકટિક' નાટકમાં ચારુદત્ત વધસ્થંભે હોય છે તે પ્રસંગે તેના હૃદયમાં ભય, દુ:ખ, નિરાશાની લાગણીઓનો અભાવ અને ચિત્તની સ્થિરતા હોય છે જે ધૃતિનું ઉદાહરણ છે.

'રત્નાવલી' નાટિકામાં નિમ્નોકિત શકિતથી ઉત્પન્ન ધૃતિનું ઉદાહરણ કહી શકાય.

ઉદયન: જેના શત્રુ જિતાઇ ગયા છે તેવું રાજ્ય છે, યોગ્ય મંત્રીને બધો ભાર સોંપી દીધો છે, સારી રીતે પાલન કરવાથી આનંદિત પ્રજા સર્વ ઉપદ્રવ રહિત છે. પ્રદ્યોતની પુત્રી (પત્નિ વાસવદત્તા) છે વસન્તનો સમય છે અને તું છે. આ પ્રમાણે હું આ મારો મહાન ઉત્સવ મનાવું છું. ભલે, કામદેવ એ માત્ર નામથી સંતોષ પામે.

(રત્નાવલી અંક-૧ શ્લોક-૯)

## (૧૩) વ્રીડા

વ્રીડા એટલે સંકોચ, લાજ, શરમ. માણસથી કશુંક અનુચિત કાર્ય થઇ જાય અને પછી તેનો તેને પશ્ચાતાપ થાય ત્યારે બીજાઓની હાજરીમાં તે શરમિંદો બની જાય તે વ્રીડા. ખરાબ કામ કરતાં જ્યારે કોઇ સારો માણસ તેને જોઇ જાય ત્યારે ખરાબ કાર્ય કરનારમાં વ્રીડાનો ભાવ ઉત્પન્ન થાય છે. આમ પોતાના દ્વારા કરવામાં આવેલ દુરાચરણ (અકાર્ય અથવા અનુચિત કાર્ય) થી વ્રીડા પેદા થાય છે. તેમાં પશ્ચાતાપ વિગેરે માનસજ્ઞાન પણ થાય છે. કેટલાક આચાર્યો ધૃષ્ટતાના, ધીટપણાના અભાવને પણ વ્રીડા કહે છે.

ભરતમુનિના કથન અનુસાર વ્રીડાના મુળમાં અયોગ્ય કામ રહેલું છે. તેઓ પરંપરિત આર્યા ટાંકતાં જણાવે છે કે બીજા પવિત્ર માણસો કશુંક અયોગ્ય કાર્ય કરનાર માણસને જોઇ જાય (અને પરિણામે) તે માણસ પશ્ચાતાપથી યુક્ત બને તો તેને વ્રીડિત અર્થાત વ્રીડા પામેલો જાણવો. (અધ્યાય ૭ શ્લોક ૫૮)

ધનંજયના મત પ્રમાણે દુરાચાર વિગેરે કારણેથી ધૃષ્ટતાનો અભાવ તે વ્રીડા. પશ્ચાતાપ અથવા માતાપિતા વિગેરે ગુરુજનોની ઉપસ્થિતિને કારણે ધૃષ્ટતા ન કરવી વ્રીડા કહેવાય છે એવો નાટ્યદર્પણકારનો મત છે. સાહિત્યદર્પણ અનુસાર નિકૃષ્ટ આચાર, વ્યવહારથી ઉત્પન્ન થતો ધૃષ્ટતાનો અભાવ તે વ્રીડા. રસગંગાધર અનુસાર સ્ત્રીઓમાં પુરુષોના મો તરફ જોઇને અને પુરુષોમાં કરેલી પ્રતિજ્ઞાનો ભંગ, અપમાન, વિગેરેથી ઉત્પન્ન થયેલી વિશિષ્ટ ચિત્તવૃત્તિ તે વ્રીડા.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના પ્રથમ અંકમાં સખીઓથી ઘેરાયેલી શકુંતલાને જોઇ કહે છે '' અથવા માનુષી સ્ત્રીથી કયાંથી આ રુપ સંભવે ?

વસુધાતલથી ઉઠે પ્રભા-તરલ જ્યોતિના.

(અંક ૧/શ્લોક ૨૪) (અનુ:શ્રી ઉમાશંકર જોષી)

આ સાંભળી શકુંતલા વ્રીડાનો ભાવ અનુભવી મો નીચું કરી ઉભી રહે છે.

(૧૪) ચપલતા

ઇર્ષ્યા વિગેરેથી પેદા થતી ચિત્તની અસ્થિરતા તે ચપલતા અથવા ચાપલ્ય. સહનશિલતા, રાગદ્વેષ ઇત્યાદિથી થતી અસ્થિર મનોદશા તે ચપલતા.

ભરતમુનિ પરંપરિત આર્યા ટાંકીને જણાવે છે કે વગર વિચારે જે માણસ વધ અને તાડનનું કાર્ય આરંભે છે તેને વિનિશ્ચિત (સારી રીતે વિચારેલું) નહિ એવું કામ કરવાને કારણે ડાહયા માણસોએ ચપળ જાણવો. (અધ્યાય ૭ શ્લોક ૬૦)

ધનંજયના કથન અનુસાર રાગ, દ્વેષ, માત્સર્ય વિગેરેને કારણે એક સ્થિતિમાં ન રહી શકવું તેને ચપલતા કહે છે. નાટ્યદર્પણ પ્રમાણે રાગદ્વેષ વિગેરેના કારણે વગર વિચારે કાર્ય કરવું તે અવિમૃશ્યકારિતા રુપ સાહસ ચપલતા કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર મત્સર, દ્વેષ, રસગંગાધર અનુસાર અમર્ષમાંથી ઉત્પન્ન થયેલી ચિત્તવૃત્તિ તે ચપલતા (અવિવેકીપણું) નામનો ભાવ. વિચાર કર્યા વગર કાર્ય કરવાની વૃત્તિ એ ચપલતાનો અર્થ.

'માલવિકાઅગ્નિમિત્ર' નાટકમાં અગ્નિમિત્રની યુવાન રાણી ઇરાવતી રાજાના માલવિકા પ્રત્યેના પ્રેમની જાણ થતાંજ તે ઇર્ષ્યાથી સળગી ઉઠે છે અને ધારિણી સમક્ષ માલવિકાની ફરિયાદ કરી તે એને કેદ કરાવે છે. અહીં ઇર્ષાજન્ય ચપલતાનું આલેખન છે. ત્રીજા અંકમાંજ અશોક-દોહદ પૂર્તિ પ્રસંગના નિરુપણમાં રાણી ઇરાવતીની 'ચપલતા' આલેખાઇ છે. માલવિકા સાથેના પ્રેમનો અપરાધી રાજા ક્ષમા યાચતો રાણી ઇરાવતીના પગે પડે છે ત્યારે રાણી ઇરાવતી જે બોલે છે તે ચપલતાનું ઉદાહરણ બની રહે છે.

ઇરાવતી: આ કંઇ માલવિકાના પગ નથી કે તારા સ્પર્શની અભિલાષા પુર્ણ કરે.

(વાસી સહિત જતી રહે છે)

## (૧૫) હર્ષ

ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થતાં મનની પ્રસન્નતા તે હર્ષ. કેટલાક આચાર્યો મનોરથ વિગેરે પૂર્ણ થવાની સંભાવના અથવા પ્રાપ્તિની દશામાં પણ હર્ષની ઉત્પત્તિ માને છે.

ભરતમુનિ પરંપરિત આર્યા ટૂંકોને જણાવે છે કે, અપ્રાપ્યની પ્રાપ્તિથી ઇષ્ટજનના સમાગમથી, અર્થલાભથી અથવા અંતરની ઇચ્છા ફળવાથી માણસને હર્ષ થાય છે.

ધનંજયના કથન અનુસાર પ્રિયનું આગમન, પુત્ર જન્મ વિગેરે ઉત્સવોથી ચિત્ત પ્રસન્ન થવું તે હર્ષ. નાટ્યદર્પણ અનુસાર ઇષ્ટની પ્રાપ્તિને કારણે મનની પ્રસન્નતા હર્ષ કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર ઇષ્ટની પ્રાપ્તિથી મનની પ્રસન્નતા તે હર્ષ. 'રસગંગાધર' અનુસાર ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિથી ઉત્પન્ન થતું એક જાતનું વિશેષ સુખ એટલેજ હર્ષ.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના સાતમાં અંકમાં પુત્રમિલનથી હર્ષ પામેલા રાજા દુષ્યન્તને પુત્ર ઉપર ઉમળકો થઇ આવે છે તે પ્રસંગ 'હર્ષ' વ્યભિચારી ભાવનું સુંદર આલેખન બની રહે છે.

રાજા: આ તોફાનીની ઉપર મને ઉમળકો આવે છે.
દેખાય દંતકળીઓ અમથું હસે ત્યાં,
ને કાલુંઘેલું વદતા કંઇ રમ્ય, એવા
ખોળા તણાજ રસિયા શિશુને ધરતાં
તે ધન્ય જે મલિન અંગ-રજેથી થાય. (અંક ૭/૧૭) (અનુ:શ્રી ઉમાશંકર જોશી)

## (૧૬) આવેગ

મહાન અનર્થ થવાથી થતો સંભ્રમ મનની ગભરામણ તે આવેગ. ઉત્પાત, પવન કે વર્ષાનું તોફાન, આગ લાગવી, હાથી, વાઘ, સિંહ જેવા પ્રાણીનું બેફામ તોફાન જેવા કારણોથી રક્ષણાત્મક ક્રિયાઓ કરવી પડે છે તેને આવેગ ભાવની ક્રિયાઓ કહી શકાય.

ભરતમુનિ સંભ્રમને આવેગનો આત્મા કહી તેને આઠ પ્રકારનો માને છે. (૧) ઉત્પાતજન્ય

(૨) વાતજન્ય (૩) વર્ષાજન્ય (૪) અગ્નિજન્ય (૫) કુંજરભ્રમણજન્ય (૬) પ્રિયાપ્રિયશ્રવણજન્ય (૭) વ્યસનજન્ય તથા (૮) અભિઘાતજન્ય. ભરતમુનિના કથન અનુસાર આ આઠ પ્રકારના આવેલ ઉત્તમ તથા મધ્યમ પ્રકૃતિના પાત્રોમાં સ્થિરતા વડે અને નીચ પાત્રોમાં નાસભાગ વડે દર્શાવવો જોઇએ. દશરુપક અનુસાર મનના સંભ્રમને આવેગ કહે છે. નાટ્યદર્પણ અનુસાર અકસ્માતપણે ઉપસ્થિત થનારા ઇષ્ટ તથા અનિષ્ટ પરિબળોથી ઉત્પન્ન થતો મનની સંભ્રમાવસ્થા તે આવેગ. સાહિત્યદર્પણ પ્રમાણે મનના સંભ્રમને (ગભરામણને) આવેગ કહે છે. 'રસગંગાધર' અનુસાર અનર્થનો અતિરેક થવાથી ઉત્પન્ન થતો ચિત્તની સંભ્રમ નામની જે વૃત્તિ તેને આવેગ નામનો ભાવ કહે છે. સંભ્રમ એટલે મનનો ક્ષોભ, મુંઝવણ.

'રત્નાવલિ' નાટિકામાં અગ્નિજન્ય આવેગનું ઉદાહરણ જોવા મળે છે. ઐન્દ્રજાલિક ધ્વારા સાગરિકાને અગ્નિની જ્વાળામાં લપેટાયેલી દર્શાવાતાં મહારાજ ઉદયન તેને બચાવવાની ચેષ્ટા કરતાં અગ્નિને કહે છે કે -

ઉદયન: હે અગ્નિ ! અટકી જા, અટકી જા. ધુમાડાના સમૂહને દુર કર. શા માટે ઉંચો જ્વાળાઓનો સમુહ પ્રકટ કરે છે ? પ્રલયકાળના અગ્નિ જેવા પ્રિયાના વિરહરુપી અગ્નિથી જે ન બળ્યો તેને તું શું કરી શકીશ ?

(રત્નાવલી અંક (૪) શ્લોક ૧૬)

## (૧૭) જડતા

ઇષ્ટ કે અનિષ્ટ જોવા કે સાંભળવાથી જડ થઇ જવું, કોઇપણ કામમાં બુધ્ધિ ચાલવીજ નહિ તે જડતા. ચિન્તા, ઉત્કંઠા, ભય, વિરહ, સ્વજનના અનિષ્ટનાં દર્શન, શ્રવણ આદિથી થતી કર્તવ્યમૂઢતા અને ગ્રહણમંદતા તે જડતા. કોઇપણ કાર્ય કરવાની શકિતનો લોપ છતાં ભાન ખરું, સારું, માઠું, સુખ કે દુ:ખની અસર ન હોય તેમ પરવશ થઇ મૌન અને નિશ્ચેષ્ટ થઇ જવું તે જડતા. મનની શિથિલતાને કારણે યોગ્ય કાર્યના અનુસંધાનથી હીન ચિત્તવૃત્તિ તે જડતા.

ભરતમુનિના કથન અનુસાર સર્વ કાર્યમાં સ્ફુર્તિનો અભાવ તે જડતા. (અપ્રતિપત્તિ) સર્વ કાર્યમાં પ્રવૃત્તિ ન હોવી જડતા કહેવાય છે. એક પરંપરિત આર્યા ટાંકીને ભરતમુનિ જણાવે છે કે જે મનુષ્ય મોહવશ ઇષ્ટ અથવા અનિષ્ટકારી વસ્તુ તથા સુખદુ:ખ વચ્ચેનો ભેદ જાણતો નથી, પાઠાન્તરે ઇષ્ટ કે અનિષ્ટ, સુખ કે દુ:ખ જાણતો નથી અને મૂગો તથા પરવશ બની જાય તે જડ પુરુષ કહેવાય છે. (અધ્યાય ૭ શ્લોક ૬૬)

દશરુપક અનુસાર કોઇ ઇષ્ટ અથવા અનિષ્ટ વસ્તુ જોવાથી અને સાંભળવાથી કેટલીક ક્ષણો માટે કાર્ય કરવાની ક્ષમતા ગુમાવી દેવી (અપ્રતિપત્તિ) તે જડતા. નાટ્યદર્પણ અનુસાર ઇષ્ટ આદિને કારણે (અર્થાત ઇષ્ટપ્રાપ્તિની પ્રસન્નતામાં) કામને ભુલાવી દેવું (કાર્યાજ્ઞાન) જડતા કહેવાય છે. ભાવપ્રકાશન પ્રમાણે સર્વ પ્રકારના કાર્યમાં પ્રવૃત્ત ન થવું (અપ્રતિપત્તિ) જડતા કહેવાય છે. સાહિત્યદર્પણ ઇષ્ટ તથા અનિષ્ટના દર્શન તથા શ્રવણથી ઉત્પન્ન અપ્રતિપત્તિ (કિંકર્તવ્યવિમૂઢતા) ને જડતા કહે છે. રસગંગાધર અનુસાર ચિંતા, ઉત્કંઠા, ભય, વિરહ, ઇષ્ટ અથવા અનિષ્ટ વસ્તુ જોવી અથવા સાંભળવી વિગેરેથી ઉત્પન્ન થયેલી, નિશ્ચિત શું કરવું ઘટે છે તેની સુઝ વગરની જે ચિત્તવૃત્તિ તે જડતા.

મોહ એ ભાવમાં આંખ વગેરેને પોતપોતાના વિષયનું જ્ઞાનજ થતું નથી પણ જડતા એ ભાવમાં વિષયનું વિશિષ્ટ પ્રકારનું તથા સ્પષ્ટ જ્ઞાન ઇન્દ્રિયોને થતું નથી એટલે એ બે ભાવમાં ફરક છે એવો રસગંગાધરકારનો મત છે અર્થાત ન જાણવું મોહ અને યથાતથ્ય રુપે વસ્તુનું અજ્ઞાન તે જડતા.

જડતાનું ઉદાહરણ 'માલતીમાધવ 'ના પ્રથમ અંકમાં માધવની નિમ્નોક્તિમાં મળે છે. (શ્લોક ૩૫)

માધવ: ઉભરાઇ આવેલાં આંસુનાં પૂર વારંવાર દૃષ્ટિને રોકે છે. તેના સંકલ્પથી પ્રાપ્ત થયેલી જડતાવાળું ગાત્ર નિશ્ચલ થઇ જાય છે અને ચિત્ર દોરવાના કામમાં આ હાથ એકદમ પરસેવાવાળો થતાં, સતત ધ્રુજવાને લીધે કંપતી આંગળીઓવાળો થઇ રહે છે. શું કરું ?

## (૧૮) ગર્વ

બીજા કરતાં પોતે ચડિયાતો છે તેનું ભાન થતાં ગર્વનો ભાવ જન્મે છે. ઐશ્વર્ય, રૂપ, વિદ્યા, વિગેરેને કારણે પોતાનો ઉત્કર્ષ બતાવવો અથવા બીજાની અવજ્ઞા કરવી અને પોતાને ચઢિયાતો માની લેવો તેને ગર્વ કહે છે.

ભરતમુનિ પરંપરિત આર્યા ટાંકીને જણાવે છે કે વિદ્યાની પ્રાપ્તિ, રૂપ, વૈભવ, તથા ધન વિગેરેના આકસ્મિક લાભથી નીચ પ્રકૃતિના પાત્રમાં ગર્વ પેદા થાય છે.
(અધ્યાય ૭ શ્લોક ૬૭)

દશરૂપક અનુસાર પોતાના શ્રેષ્ઠ કુળ, સૌંદર્ય, ઐશ્વર્ય, પરાક્રમ વિગેરેથી ઉત્પન્ન થતા મદને ગર્વ કહે છે. નાટ્યદર્પણ અનુસાર વિદ્યા, જાતિ, કુળ, લાભ, વૃધ્ધિ, વલ્લભતા, યૌવન, ઐશ્વર્ય વિગેરે કારણે અન્યોની અવજ્ઞા કરી પોતાને ચડિયાતો સમજવો તે ગર્વ. સાહિત્યદર્પણ અનુસાર પોતાના પ્રભાવ , ઐશ્વર્ય, વિદ્યા તથા કુલીનતા વિગેરે કારણે ઉત્પન્ન મદ તે ગર્વ. રસગંગાધર અનુસાર રૂપ, ધન, વિદ્યા, વિગેરેને લીધે પેદા થતું જે પોતાના મોટાપણાનું ભાન અને તેથી થતી જે પારકાની અવહેલના તેને ગર્વ કહે છે.

'મહાવીરચરિત' નાટકમાં રામચન્દ્ર, પરશુરામના આગમનથી ભય-વિહ્વળ ક્ષત્રિઓને સંબોધતા જે વચનો વદે છે તે ગર્વનું ઉદાહરણ છે.

રામચન્દ્ર: હે ક્ષત્રિઓ, ડરોને ધ્રુજવાનું છોડો દો. નિર્ભય થઇ જાવ. કારણ કે મુનિ હોવાની સાથે સાથે તેઓ વીર પણ છે. આવા પુરુષનું સન્માન મને પ્રિય લાગે છે. તપસ્યા સંબંધી ફેલાયેલી જેમની કીર્તિ છે, બળના દર્પને ખંજવાળતી જેમની ભૂજાઓ છે તેવા પરશુરામજીનો સત્કાર કરવાનામાં હું રઘુકુલોત્પન્ન રામચન્દ્ર નામનો ક્ષત્રિય સમર્થ છું.

## (૧૯) વિષાદ

સાવ નિરુપાય થઇ જવાથી સત્વનો જે નાશ થાય છે તે વિષાદ. વિષાદ એટલે ઉત્સાહભંગ થઇ જવું તે. ધાર્યું કામ ન થાય, રાજા વડીલ આદિનો અપરાધ કર્યો હોય,

એનો ઉપાય સુઝતો ન હોય ત્યારે થતો અનુતાપ અને મનની ખિન્નતા તે વિષાદ. વાંછિતની સિધ્ધિ ન થવાથી ચિત્તમાં વ્યાપો વળતો અનુત્સાહ, ખિન્નતા તે વિષાદ.

દશરુપક અનુસાર કોઇ આરંભેલા કાર્યમાં સફળતા ન મળી શકવાને લીધે ધૈર્ય ગુમાવી બેસવું તેને વિષાદ કહે છે. નાટ્યદર્પણ અનુસાર ઇષ્ટ વસ્તુ ન મળવાથી ચિત્તનો અનુત્સાહ વિષાદ કહેવાય છે. સાહિત્યદર્પણ પ્રમાણે ઉપાયના અભાવને કારણે પુરુષાર્થહીનતાનું નામ વિષાદ છે. રસગંગાધર અનુસાર ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવાથી અને રાજા, ગુરુ, વિગેરેના કરેલા અપરાધ ઇત્યાદિથી થતો અનુતાપ (પશ્ચાતાપ) તે વિષાદ.

'મહાવીરચરિત'માં આવતો નિમ્નોકિત 'વિષાદ'નું ઉદાહરણ છે.

'' હાય ! આર્યા તાડિકા ! શું કહું ! તિતલોકો પાણીમાં ડુબી રહ્યા છે અને પત્થર તરી રહયા છે. '' (દશરુપકકારે આપેલું ઉદાહરણ)

## (૨૦) ઔત્સુકય

ઇષ્ટ પદાર્થની અપ્રાપ્તિ થકી વિલંબ સહન ન કરી શકવો તે ઔત્સુકય -અધીરાઇ. ઔત્સુકય એટલે ઇષ્ટની અવપ્રાપ્તિ માટે અધીરાઇ, વિલંબ-અક્ષમતા. અભીષ્ટ વસ્તુ અથવા કાર્યની તાત્કાલિકપૂર્તિ કરવાની અભિલાષા પણ ઔત્સુકય કહેવાય છે. અર્થાત ઇષ્ટ પરત્વે શીઘ્રતાથી અભિમુખ થવું ઔત્સુકય છે.

દશરુપક અનુસાર કોઇ સુખદાયક વસ્તુની આકાંક્ષા અથવા પ્રેમાસ્વાદના ગભરાટને કારણે સમય પસાર કરવો અસહ્ય લાગે તેને ઔત્સુકય કહે છે. નાટ્યદર્પણ અનુસાર ઇષ્ટના સ્મરણ વિગેરેને કારણે ઇષ્ટ પ્રતિ શીઘ્રતા આદિથી અભિમુખ પ્રવૃત્ત થવું ઔત્સુકય કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર અભીષ્ટની પ્રાપ્તિમાં વિલમ્બ સહન ન કરી શકવો ઔત્સુકય કહેવાય છે. રસગંગાધર પ્રમાણે હમણાં ને હમણાં આ વસ્તુનો લાભ મને થાય એવી જે ઇચ્છા તે ઔત્સુકય નામનો ભાવ.

'ઉત્તરરામચરિત'ના ત્રીજા અંકમાં સીતા (ઇષ્ટપદાર્થ)ની અપ્રાપ્તિનો વિલંબ સહન ન કરી શકવાથી અધીરા બનેલા રામની નિમ્નોકિત ઔત્સુકયનું ઉદાહરણ છે.

રામ: જ્યાં છે વ્યર્થ જ વીર્ય સૌ કપિનું ને સુગ્રીવની મિત્રતા,
પ્રજ્ઞા ફોગટ જાંબવાન તણી જ્યાં ના મારુતિની ગતિ,
ને ના જ્યાં નલ, વિશ્વકર્મસુત તે નિર્મી શકે માર્ગ કો,
પહોંચે લક્ષ્મણનાં શરો નહિ, કયે એવે સ્થળે છો પ્રિયે ?

(અંક ૧/૪૫ ) (અનુ:શ્રી ઉમાશંકર જોશી)

(૨૧) નિદ્રા

થાકથી, મનના કંટાળાથી, નાશ થતું ચેત:સંમીલન તે નિદ્રા. શ્રમ આદિ કારણોસર ઇન્દ્રિયના વ્યાપારની વિરતિ તે નિદ્રા, વ્યાપારવિરતિની સ્થિતિમાં જ્ઞાનેન્દ્રિયો વિષયગ્રહણ કરતી નથી પણ મનનો વ્યાપાર યથાવત્ રહે છે, એવું કેટલાક આચાર્યો માને છે.

દશરૂપક અનુસાર ચિન્તા, આળસ, થાક વિગેરેથી મનની ક્રિયાઓ અટકી જવી- મન:સંમીલન તે નિદ્રા. નાટ્યદર્પણ અનુસાર થાક વિગેરેને લીધે જ્ઞાનેન્દ્રિયોના વ્યાપારનો અભાવ તે નિદ્રા. તેમાં મનની પ્રવૃત્તિનો અભાવ હોતો નથી. સાહિત્યદર્પણ અનુસાર નિદ્રા, આક્ષેપ, અપમાન, વિગેરે લીધે ઉત્પન્ન 'ચેત:સંમીલન' અર્થાત ચિત્તનો અભિનિવેશ તે નિદ્રા. રસગંગાધર પ્રમાણે શ્રમ વિગેરેથી ઉત્પન્ન થયેલો મનનો લય (ચેત:સંમીલન) એટલેજ નિદ્રા.

કેટલાક આચાર્યોના મત પ્રમાણે જ્યારે સ્પર્શ સિવાયની તમામ ઇન્દ્રિયો ચિત્ત સાથેનો સંબંધ છોડી દે તે સ્થિતિ નિદ્રા કહેવાય., જ્યારે 'સ્પર્શ' નું ભાન પણ ન થાય ત્યારે સુષુપ્તિ કહેવાય અને તેનાથી આગળની સ્થિતિને 'સ્વપ્ન'ની અવસ્થા ગણવામાં આવે છે.

શુદ્રકે 'મૃચ્છકટિક' નામના પ્રકરણમાં વિદૂષક 'નિદ્રા'માં, ચારુદત્તે સાચવવા આપેલા વસંતસેનાના ઘરેણાંની પોટલી ચોરને આપી દે છે તે દૃશ્યમાં ક્રિયારહિત દેખાતા 'નિદ્રા'ભાવને નાટયાત્મક રીતે યોજી નાટકની કથાને જીવંત બનાવી છે.

(૨૨) અપસ્માર

વિયોગ, શોક, ભય, આદિના અતિરેકથી, ભુતાદિના ગ્રહથી કે આવેશથી થતી, ચિત્ત ભમે તેવી વ્યાધિભરી દશા તે અપસ્માર. અપસ્માર આમ તો રોગનું નામ છે પરંતુ

અહીં એક આવેશાત્મક ભાવ માની રજુ કરવામાં આવ્યો છે.

દશરુપક અનુસાર (ભુતાદિ) ગ્રહોના યોગથી, વિપત્તિ તથા અન્ય કારણથી ઉત્પન્ન આવેશને અપસ્માર કહે છે. નાટ્યદર્પણ અનુસાર પિશાચાદિરુપ ગ્રહો તથા વાત, પિત્ત, કફ રુપ ધાતુઓની વિષમતાથી ઉત્પન્ન બેચેની અપસ્માર કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર ભૂતાવેશ વિગેરે કારણે ચિત્તનો વિક્ષેપ (મન:ક્ષેપ) અપસ્માર કહેવાય છે. રસગંગાધર અનુસાર વિયોગ, શોક, ભય, ઘૃણા વિગેરેનો અતિરેક થવાથી અથવા ભૂતના વળગાડ વિગેરેથી ઉત્પન્ન થયેલો વિશિષ્ટ પ્રકારનો માનસિક રોષ તે અપસ્માર નામનો ભાવ.

'વિક્રમોર્વશીય નાટકમાં ઉર્વશીના વિરહમાં ઉન્મત્ત બનેલા પુરુરવાની સ્થિતિ કે ઉત્તરરામચરિત નાટકમાં સીતાનો વિયોગ અનુભવતા રામની સ્થિતિના આલેખનમાં 'અપસ્માર' વ્યભિચારીભાવનો વિનિયોગ થયો છે.

(૨) સુપ્ત / સ્વપ્ન

ઉંઘી ગયેલા માણસને કોઇ વિષયનો અનુભવ થાય તે સુપ્ત-સ્વપ્ન. નિદ્રા દરમ્યાન થતું મન:કલ્પિત વિષયોમાં દર્શનાદિ તે સ્વપ્ન. કેટલાક આચાર્યોના કથન અનુસાર જ્યારે મન બધીજ ઇન્દ્રિયો સાથે સંબંધ છોડી દે છે ત્યારે સુપ્તિની અવસ્થા આવે છે.

ભરતમુનિએ સુપ્તને નિદ્રાથી ઉત્પન્ન જ્ઞાન કહયું છે. (નિદ્રાભિભવ:) ધનંજયે નિદ્રાથી ઉત્પન્ન થનારી અવસ્થાને સુપ્ત સંજ્ઞા આપી છે. નાટ્યદર્પણ અનુસાર નિદ્રાપ્રકર્ષ અર્થાત પ્રબળ નિદ્રા, ગાઢ નિદ્રા તે સુપ્ત. સાહિત્યદર્પણ અનુસાર નિદ્રામગ્ન પુરુષ દ્વારા થતો વિષયાનુભવ 'સ્વપ્ન' કહેવાય છે. રસગંગાધર અનુસાર નિદ્રાથી ઉત્પન્ન થતું જ્ઞાન એટલેજ સુપ્ત અર્થાત સ્વપ્ન. નિદ્રામાં મનની અવધાનતા વૃત્તિ વિદ્યમાન હોય છે પણ 'સુપ્ત' ભાવમાં તે પુર્ણપણે અવરુદ્ધ થઇ જાય છે. નિદ્રા તથા સુપ્ત વચ્ચે આ વિભેદ છે.

કવિ ભાસના સ્વપ્નવાસવદત્તા નાટકમાં રાજા લતામંડપમાં સુતેલો છે અને વાસવદત્તા એમ સમજે છે કે રાણી પદ્માવતી માથું દુ:ખવાથી લતામંડપમાં આરામ કરે છે. રાણીના કપાળે લેપ કરવા આવે છે અને 'સુપ્તિ'માં રાજા વાસવદત્તાને સ્પર્શે છે. વાસવદત્તા

પ્રકટ થઇ જવાના ભયથી છટકી જાય છે. શુદ્રકે 'મૃચ્છકટિક' પ્રકરણમાં જેમ નિદ્રાનો કલાત્મક રીતે ઉપયોગ કર્યો છે તેમ કવિ ભાસે અહીં સુપ્તિનો ઉપયોગ કર્યો છે. આ પ્રસંગ 'વાસવદત્તા' નાટકમાં અગત્યનો, ચમત્કારપુર્ણ અને કલાત્મક છે, ઉપરાંત કથાનો પણ આધાર બને છે. સામાન્ય રીતે, જે ભાવોમાં શરીરનાં અંગો શિથિલ બનતા હોય છે તેવા ભાવોને શૃંગાર રસની નિષ્પત્તિ માટે ત્યાજ્ય ગણવામાં આવ્યો છે પણ સ્વપ્ન વાસવદત્તા'માં પ્રસ્તુત પ્રસંગ શૃંગાર રસનો વાહક બન્યો છે.

(૨૪) વિબોધ

નિદ્રા જતી રહેતાં જે ચેતના પ્રાપ્ત થાય તે વિબોધ-જાગૃતિ. નિદ્રા પુર્ણ થાય અથવા ભાંગે, ચેતન આવે એ સ્થિતિ. નિદ્રામાંથી જાગવું, ઇન્દ્રિયોનું મન સાથે જોડાણ થવું. નિદ્રાભંગ થવાથી જે 'બોધ' થાય અર્થાત શબ્દાદિથી થનારો નિદ્રાભંગ અથવા આરંભિકરુપમાં જાગી જવું તે વિબોધ.

ભરતમુનિએ 'નિદ્રાચ્છેદ'ને વિબોધ કહયો છે. ધનંજય નિદ્રા ઉડી જવી તેને વિબોધ કહે છે. નાટ્યદર્પણ અનુસાર શબ્દરવ આદિ કારણોથી થતો નિદ્રાચ્છેવ વિબોધ કહેવાય છે. 'સાહિત્યદર્પણ' અનુસાર નિદ્રા દુર કરનારા કારણોથી ઉત્પન્ન ચૈતન્યલાભ વિબોધ કહેવાય છે. 'રસગંગાધર' અનુસાર ઉંઘ ઉડી ગયા પછી આવેલી જાગૃતિ તેજ વિબોધ નામનો ભાવ.

શુદ્રકના મૃચ્છકટિકમાં આવતું વિદુષકનું દૃશ્ય 'નિદ્રા'ના ઉદાહરણ રુપે અગાઉ આપવામાં આવેલું તે દૃશ્યમાં જ્યારે વિદુષક જાગે છે ત્યારે વિબોધ ભાવ પ્રકટ થાય છે.

(૨૫) અમર્ષ

કોઇ નિન્દા કરે, અપમાન કરે, આક્ષેપ મુકે, અપરાધ કરે ત્યારે એ સાંખી ન શકવાથી થતો ચિત્તક્ષોભ એટલે અમર્ષ. આક્ષેપ, અપમાન, તિરસ્કાર, વગેરેથી મનમાં જે

આમળો ભરાય તે અમર્ષ - રોસ, અસહિષ્ણુતા, ક્રોધ, સાંખી લેવાની અશક્તિ. અપમાનિત થવાથી પ્રતિકારની ભાવના જાગૃત થવી તે અમર્ષ.

દશરુપક અનુસાર કોઇના ખરાબ વચનો સાંભળી અથવા કોઇ વ્યક્તિ દ્વારા અપમાનિત થવાથી પ્રતિકારમાં તે વ્યક્તિના મનમાં બદલો લેવાની ભાવના જન્મે તેને અમર્ષ કહે છે. નાટ્યદર્પણ અનુસાર તિરસ્કાર વિગેરે કારણોથી ઉત્પન્ન બદલો લેવાની ઇચ્છા તે અમર્ષ. સાહિત્યદર્પણ અનુસાર નિન્દા, આક્ષેપ, અપમાન આદિ કારણોથી ઉત્પન્ન ચિત્તના અભિનિવેશને અમર્ષ કહે છે. 'રસગંગાધર' અનુસાર બીજાએ કરેલા અપમાન વિગેરે અનેક અપરાધોથી ઉત્પન્ન થયેલી વિશિષ્ટ ચિત્તવૃત્તિ તેજ અમર્ષ નામનો ભાવ.

'વેણીસંહાર'માં આવતો ભીમનો નિમ્નોક્ત અમર્ષનું ઉદાહરણ છે.

ભીમ: આપની આજ્ઞા-ઉલ્લંઘનરુપી જળમાં ડુબેલો હું વિચારું છું કે ભલે હું આજ્ઞાપાલનરત ભાઇઓ વચ્ચે નિન્દનીય ગણાઉં પણ ક્રોધ સાથે રુધિરથી લિપ્ત ગદા ફેરવતાં તથા કૌરવોનો સંહાર કરનારા આજના એક દિવસ માટે ન તો આપ મારા જયેષ્ઠ ભ્રાતા છો ન હું આપનો કનિષ્ઠ ભાઇ.

(અંક ૧/ શ્લોક ૧૨)

(૨૭) અવહિત્થ

મનની વાત છુપાવી રાખવાની તજવીજ, ડોળ. એટલે અવહિત્થ. હર્ષ આદિનાં ચિહ્નોને છુપાવવા માટે ધારણ કરેલો મનોભાવ તે અવહિત્થ. ભયને લીધે, પોતાનું ગૌરવ જાળવવા ખાતર અથવા શરમથી હર્ષને પ્રકટ ન થવા દેવાનો આકાર ગોપનની વૃત્તિ એટલે અવહિત્થ. આકાર અને વ્યવહારનું ગોપન કરી જાતને છુપાવવી તે અવહિત્થ. બહાર પ્રકાશિત ન થનારી ચિત્તવૃત્તિ તે અવહિત્થ એવો તેનો વ્યુત્પત્તિગત અર્થ છે.

ભરતમુનિના કથન અનુસાર 'આકાર પ્રચ્છાદન' એટલે કે પોતાના સ્વરુપનું આચ્છાદન અવહિત્થ કહેવાય છે. એક પરંપરાગત આર્યા ટાંકી ભરતમુનિ જણાવે છે કે ધૃષ્ટતા તથા કુટિલતામાંથી ઉત્પન્ન અવહિત્થ ભયમૂલક હોય છે. (અધ્યાય ૭ શ્લોક ૮૦)

દશરુપક અનુસાર લજ્જા વિગેરે ભાવોને કારણે ઉત્પન્ન અંગના વિકારોને છુપાવવા તેને અવહિત્થા કહે છે. નાટ્યદર્પણ અનુસાર ધૃષ્ટતા વિગેરેથી ઉત્પન્ન વિકારને છુપાવવાનો યત્ન એટલે અવહિત્થા. સાહિત્યદર્પણ અનુસાર ભય, ગૌરવ, લજ્જા આદિને કારણે હર્ષાદિના આકારને છુપાવવો તે અવહિત્થા. રસગંગાધર અનુસાર વ્રીડા (લજ્જા) વગેરેથી ઉત્પન્ન થયેલી અને હર્ષ આદિ અનુભાવો છુપાવવાને માટે પ્રવૃત્ત થયેલી વિશિષ્ટ ચિત્તવૃત્તિ તે અવહિત્થ નામનો ભાવ.

'અભિજ્ઞાન શાકુંતલ'ના બીજા અંકમાં રાજા દુષ્યંતની નિમ્નોકિત અવહિત્થનું ઉદાહરણ છે.

રાજા: કહીં હું ? પ્રણયે અજાણ ક્યાં
મૃગ-બાલો સહ ઉછરેલ એ ?
પરિહાસ મહીં લાગ્યો, સખે,
વચનો, તે નવ સત્ય જાણજે. ( અંક-૨/૧૮) (અનુ:શ્રી ઉમાશંકર જોષી)

(૨૭) ઉગ્રતા

ગુનો કે અપરાધ જોઇને શુરવીરતાને કારણે જે પ્રતાપ પ્રગટ થાય છે તે ઉગ્રતા. અપરાધને કારણે દુષ્ટ પુરુષ પરત્વે વધ બન્ધન આદિ ધ્વારા નિર્દયતાનું પ્રકાશન એટલે ઉગ્રતા. અપમાન, મહેણાં, વિગેરે સહી ન શકવાથી 'આને શું કરી નાખું ? એ પ્રકારની ચંડતા તે ઉગ્રતા. ઉગ્રતા એટલે દયાનો અભાવ, ક્રૂરતા દર્શાવવી કે દોષ કહી સંભળાવવા.

દશરુપક અનુસાર કોઇ દુષ્ટના દુષ્કર્મ, દુર્વચન, ક્રૂરતા વિગેરેથી સ્વભાવ પ્રચંડ થઇ જવો તેને ઉગ્રતા કહે છે. નાટ્યદર્પણ અનુસાર અપરાધને કારણે દુષ્ટ પુરુષો પરત્વે વધ-બન્ધનાદિ ધ્વારા જે નિર્દયતા દર્શાવવામાં આવે તેને ઉગ્રતા કહે છે.

'સાહિત્યદર્પણ' અનુસાર શુરતા તથા અપરાધાદિથી ઉત્પન્ન ચણ્ડતા એટલે ઉગ્રતા. 'રસગંગાધર' અનુસાર તિરસ્કાર, અપમાન વગેરેને લીધે ઉત્પન્ન થતો 'હવે એને શું કરી નાખું' એવા પ્રકારની ચિત્તવૃત્તિ તે ઉગ્રતા નામનો ભાવ.

'માલતીમાધવ' નાટકમાં માલતીનું બલિદાન લેવા માટે ઉદ્યત અઘોરઘણ્ટ નામક કાપાલિક પ્રતિ માલતીના પ્રેમી માધવની નિમ્નોકિત ઉગ્રતાનું ઉદાહરણ છે.

માધવ: વ્હાલી સખીઓની મોઠી મશ્કરીમાં રસપૂર્વક પ્રાપ્ત થયેલાં કોમળ શિરીષ પુષ્પોના પ્રહારથી પણ જે પીડા અનુભવે છે તે શરીર ઉપર વધ કરવા માટે શસ્ત્ર ખેંચતાં તારા મસ્તક ઉપર આકસ્મિત રીતે પડતાં યમદંડ જેવો આ (મારો) હાથ ભલે પડો. (અંક ૫/૩૧)

## (૨૮) મતિ

સંપૂર્ણ જ્ઞાનથી આવતી સમજદારી એટલે મતિ. યોગ્યાયોગ્યના જ્ઞાનથી, શાસ્ત્ર આદિની વિચારણાથી, અમુક બાબતમાં - નીતિનો માર્ગ સ્વીકારવાનો - સમજણપુર્વકનો નિશ્ચય તે મતિ.

એક પરંપરિત આર્યા ટીકી ભરતમુનિ જણાવે છે કે અનેક શસ્ત્રોના અર્થબોધ ધ્વારા ઉત્પન્ન થતી સમજ એટલે મતિ. (અધ્યાય ૭ શ્લોક ૮૨)

દશરુપક અનુસાર શાસ્ત્ર વિગેરેના ઉપદેશથી અથવા ભ્રાન્તિ નષ્ટ થઇ જવાથી જે તત્વજ્ઞાન ઉદ્ભવે છે તેને મતિ કહે છે. નાટ્યદર્પણ અનુસાર શાસ્ત્રના ચિન્તન તથા તર્કથી ઉત્પન્ન થનારી નવનવોન્મેષશાલિની પ્રજ્ઞા મતિ કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર નીતિમાર્ગના અનુસરણ આદિથી વસ્તુતત્વના નિર્ધારણને મતિ કહે છે. રસગંગાધર અનુસાર શાસ્ત્ર વિગેરેના વિચારથી કોઇપણ વસ્તુનો નિશ્ચય કરવો તે મતિ.

કાલિદાસ કૃત 'અભિજ્ઞાન શાકુંતલ' નાટકમાં જલસિંચન કરતી શકુંતલાને પહેલી વાર દુષ્યંત જુએ છે ત્યારે શકુંતલા ક્ષત્રિયની પત્નિ થવા યોગ્ય છે તેવું એનું અંતર કહે છે ત્યારે 'મતિ' વ્યભિચારી ભાવ પ્રકટ થાય છે.

(૨૯) વ્યાધિ

રોગ અથવા વિયોગથી ઉત્પન્ન માનસિક અથવા શારીરિક તાપ વ્યાધિ કહેવાય છે. શરીરમાં કફ, વાત કે પિત્તના વિકારથી કે અસંતુષ્ટ કામવાસનાથી થતી મનની સંતપ્ત દશા તે વ્યાધિ. શરીરની ધાતુ તથા રસમાં બગાડ થતાં ભય, કામ, કલેશ, વિરહ, અભિલાષ વિગેરે કારણોથી મનને સંતાપ કરનાર જે તાવ વિકાર શરીરમાં પેદા થાય છે તે જ્વર, વાત આદિ પ્રકોપ પણ વ્યાધિ કહેવાય છે.

ભરતમુનિએ 'વ્યાધિના' જ્વર આદિ વિભેદ હોવાનું જણાવી બે પ્રકારના જ્વર માન્યા છે. શીત જ્વર અર્થાત્ ટાઢિયો તાવ અને પિત્તજ્વર અર્થાત્ પિત્તનો ગરમીનો તાવ. શારદાતનયે પણ ભાવપ્રકાશનમાં શીતજ્વર અને પિત્તજ્વરને જ્વરના પ્રકાર ગણાવ્યા છે.

દશરુપક અનુસાર કફ, વાત, પિત્તના સન્નિપાત જન્ય રોગને વ્યાધિ કહે છે. નાટ્યદર્પણ અનુસાર વાત પિત્તાદિ રુપ દોષોથી ઉત્પન્ન શારીરિક અથવા માનસિક કલેશ વ્યાધિ કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર વાત, પિત્ત, કફ, આદિથી ઉત્પન્ન થતો મનસ્તાપ એટલેજ વ્યાધિ નામનો ભાવ. (અહીં વ્યાધિને અભિનયની અપેક્ષાથી દશાવિશેષના ચિત્રણ માટેજ વ્યભિચારી ભાવ કહયો છે.)

કવિ ભાસ કૃત 'સ્વપ્નવાસવદત્તા' નાટકમાં રાણી પદ્માવતી શિરોવેદનાથી પીડાય છે ત્યારે આ ભાવ પ્રકટ થાય છે.

(૩૦) ઉન્માદ

કામ, શોક, ભય, આદિથી ચિત્તનું ભ્રમિત થવું તે ઉન્માદ. જેમાં વિયોગાદિને કારણે મન ઠેકાણે રહેતું નથી અને એક જાતની આવેશભરી ઉન્મત્ત હાલત થાય છે. ઉન્માદ એટલે મનની ભ્રાન્ત અવસ્થા જે અસહય વિયોગ, મહાપત્તિ, અણધાર્યો, અકલ્પ્ય અતિ મહાન લાભ વિગેરેથી ઉપજે છે જેમાં ચેતનાચેતનનો વિવેક રહેતો નથી, વસ્તુને ઓળખવામાં અને બોલવામાં એકનું બીજું થઇ જાય છે.

દશરુપક અનુસાર વગર વિચાર્યે કામ કરવું તેને ઉન્માદ કહે છે. નાટ્યદર્પણ અનુસાર ભૂત પિશાચાદિ રુપ ગ્રહ તથા વાતપિત્તાદિ દોષોને કારણે મનનું પથભ્રષ્ટ થઇ જવું ઉન્માદ કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર કામ, શોક, ભય આદિથી જન્મતો 'ચિત્તસંમોહ' તે ઉન્માદ. રસગંગાધર અનુસાર વિરહ, ભયંકર સંકટ, અત્યંત આનંદ ઇત્યાદિને લીધે ઉત્પન્ન થતો અને ભળતીજ વસ્તુમાં ભળતાનોજ ભાસ થવો તે ઉન્માદ નામનો ભાવ.

છીપના ટુકડામાં રુપાનો ભાસ થવો તે ભ્રમ. ભ્રમથી ઉન્માદને જુદા બતાવવા માટે તેને વિરહ, ભયંકર સંકટ, અત્યન્ત આનંદ ઇત્યાદિને લીધે ઉત્પન્ન થતો દર્શાવવામાં આવ્યો છે. ઉન્માદનો વ્યાધિમાં અંતર્ભાવ કરવો શકય છે તો પણ ઉન્માદને વ્યાધિથી જુદો પાડવાનું કારણ તેમાં વ્યાધિ કરતાં જુદો એવો વિશિષ્ટ પ્રકારની ચમત્કૃતિથી પ્રતીતિ થાય છે તે બતાવવાનું છે. 'અપસ્માર'માં ચિત્તની વિહ્વળતા હોય છે જ્યારે ઉન્માદમાં ચિત્તની અસ્થિરતા. 'ઉન્માદ' ઉત્તમપાત્રના વિપ્રલંભ શૃંગારમાં અને અધમ પાત્રના કરુણ રસમાં વ્યભિચારી ભાવ હોય છે જ્યારે 'અપસ્માર' બીભત્સ અને ભયાનક રસમાં વ્યભિચારી ભાવ હોય છે. આ બંને ભાવો વચ્ચે તફાવત છે.

કવિ કાલિદાસ કૃત વિક્રમોર્વશીય નાટકમાં ઉર્વશીના વિરહમાં પુરુરવાની સ્થિતિ એ 'ઉન્માદ'નું ઉદાહરણ છે. પુરુરવાની ઉક્તિ 'ઉન્માદ'નો ભાવ નિરુપે છે.

પુરુરવા: હે દુરાત્મા રાક્ષસ, ઉભો રહે, ઉભો રહે. મારી પ્રિયતમાને લઇને કયાં જાય છે ? અરે પર્વતના શિખરેથી આકાશમાં ઉડીને મારા પર બાણો વરસાવે છે (નીરખીને) આતો વરસવા માટે તૈયાર નવો મેઘ છે, બખ્તર ધારણ કરેલો ગર્વિષ્ઠ રાક્ષસ નથી. આ તો (ખુબ ખેંચેલું) ઇન્દ્રધનુષ છે, ખૂબ ખેંચેલું ધનુષ નથી. આ પણ તીવ્ર વરસાદની હેલી છે, બાણોની પરંપરા નથી. આ કસોટી ઉપર ચળકતી સુવર્ણરેખા જેવી વીજળી છે, મારી પ્રિયા ઉર્વશી નથી.

( અંક ૪ શ્લોક ૧)

## (૩૧) મરણ

જ્યારે જીવ ખોળિયું છોડી દે છે, જ્યારે સખત ઇજા થાય, માંદગી હોય, આઘાત લાગે, ઊંધેથી પડે, પાણીમાં ડુબે, ઝેર ચઢે, અગ્નિથી દાઝી જાય ત્યારે 'મરણ'ની સ્થિતિ થાય છે. 'મરણ'નો વ્યભિચારી ભાવ 'મરણ' કરતાં 'મરણોન્મુખ સ્થિતિ' દર્શાવે છે એમ કહેવું વધુ તાર્કિક ગણાય કારણ કે 'મરણ'થયા પછી તો શરીર કોઇ ક્રિયા કરી શકતું નથી.

ભરતમુનિએ મરણના બે પ્રકાર બતાવી તેનું વિસ્તૃત વિવરણ કર્યું છે. તેમાં પ્રથમ વ્યાધિજ અને બીજું અભિઘાતજ મરણ છે. અભિનવગુપ્ત જણાવે છે કે મરણનો આશય જીવનની એકાન્ત સમાપ્તિ એવો લેવો ન જોઇએ પરંતું પ્રાણત્યાગ કરવાની એ અવસ્થા જે અનેક સમ્બન્ધ અથવા અવસરથી ઉપલબ્ધ થાય છે. દશરુપકકાર ધનંજય કહે છે, 'મરણ સુપ્રસિધ્ધ છે અને અનર્થરુપ છે તેથી એ વિશે કાંઇ કહેતો નથી.' પણ એના ઉપરની ટીકામાં ધનિક કહે છે: શૃંગારના આશ્રય અને આલંબનની દૃષ્ટિએ માત્ર મરણનો નિશ્ચયજ જણાવવો, અન્ય પ્રસંગે ઇચ્છા પ્રમાણે કરવું. - દા.ત. 'મહાવીર ચરિત'માં તાટકાના મરણનો નિર્દેશ છે.

નાટ્યદર્પણ અનુસાર વ્યાધિ આદિને લીધે મૃત્યુની ઇચ્છા કરવી તે મરણ કહેવાય છે. અર્થાત અહીં મરણ શબ્દથી પ્રાણત્યાગરુપ વાસ્તવિક મરણ એવો અર્થ ગ્રહણ કરવો ન જોઇએ. સાહિત્યદર્પણ અનુસાર શરાદિથી વેહપાત અને પ્રાણત્યાગ તે મરણ. રસગંગાધર અનુસાર રોગ વિગેરેથી ઉત્પન્ન થયેલી મરણ પહેલાંની મૂર્છારુપી અવસ્થાને મરણ નામનો ભાવ કહે છે. આ ઠેકાણે મરણ શબ્દથી પ્રાણ ત્યજવા એ સ્વરુપનું જે સાક્ષાત મરણ તે લેવું યોગ્ય નથી. ચિત્તવૃત્તિરુપ ભાવમાં સાક્ષાત મરણની પ્રાપ્તિ સંભવતીજ નથી. એવો રસગંગાધરકાર -નો અભિપ્રાય છે. મમ્મટ કૃત કાવ્યપ્રકાશ ઉપરની ટીકા 'પ્રદીપ'માં પણ મરણનો અર્થ જગન્નાથે કર્યો છે તેવોજ કરવામાં આવ્યો છે. આમ ભરતમુનિ પછીના આચાર્યોએ મરણની પુર્વાવસ્થાને 'મરણ' ભાવ કહયો છે.

ભરતોક્ત બંને પ્રકારના ઉદાહરણ ભાસ તથા શુદ્રકની નાટ્યરચનાઓમાં મળે છે.

ભાસના 'પ્રતિમાનાટક'માં મહારાજ દશરથના 'વ્યાધિજ મરણ'ની રજુઆત છે જ્યારે 'ઉરુભંગ' નાટકમાં દુર્યોધનનું અભિઘાતજ મરણ બતાવવામાં આવ્યું છે. 'ઉરુભંગ' નાટકમાં આદિથી અંત સુધી દુર્યોધનની મરણોન્મુખ સ્થિતિ છે. શુદ્રકના 'મૃચ્છકટિક'માં શકાર દ્વારા 'વસન્તસેના'નો વધ તથા ~~એનું~~ પુનરુજ્જીવિત બંને દર્શાવવામાં આવ્યા છે.

(૩૨) ત્રાસ

કોઇ ભયંકર વસ્તુને જોવાથી થતી ચકિત અથવા ક્ષુબ્ધ મનોવૃત્તિ તે ત્રાસ. ભયંકર પ્રાણી કે દેખાવ જોઇને, જબરી ઘનગર્જના સાંભળીને વીજળીનો મોટો ઝબકારો જોઇને, ડરપોક માણસની જે મનોદશા થાય તે ત્રાસ.

દશરુપક અનુસાર વાદળના ગડગડાટ તથા એવીજ ભયપ્રદ ઘટનાઓથી જે મન:ક્ષોભ ઉત્પન્ન થાય છે તેને ત્રાસ કહે છે. નાટ્યદર્પણ અનુસાર ભયંકર વસ્તુ જોઇ ચકિત થઇ જવું ત્રાસ કહેવાય છે. સાહિત્યદર્પણ અનુસાર વજ્ર નિર્ઘોષ, વિજળી, ઉલ્કા વિગેરેથી ઉદ્ભવતી ચિત્તની વ્યગ્રતા 'ત્રાસ' કહેવાય છે. રસગંગાધર અનુસાર બીકણ માણસમાં કોઇ પણ ભયંકર પ્રાણી જોઇને અથવા વીજળીનો કડાકો વગેરે સાંભળીને ઉત્પન્ન થતી વિશિષ્ટ ચિત્તવૃત્તિ એટલેજ ત્રાસ.

ત્રાસ અને ભય વચ્ચે તફાવત છે. વિચારના પરિણામે 'ભય' ઉત્પન્ન થાય પણ કોઇ ઘટના એકાએક ચિત્તને ક્ષોભ આપે તો 'ત્રાસ'નો ભાવ જાગે. ઘોર દર્શનાદિજન્ય'ત્રાસ' હોયછે તથા અનર્થની સંભાવનાથી માનસિક બળનું ક્ષીણ થવું ભય છે. ત્રાસનું કારણ માણસના મનમાં નથી, બહાર છે. ભયની સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ પુર્વાપર વિચાર તથા ભાવોથી સમ્બદ્ધ હોય છે એટલે તે સ્થાયી છે અને ત્રાસ એક આગંતુક દશા બની ઉદ્વિગ્ન મનોદશા માત્ર રહેવાથી વ્યભિચારી ભાવ છે.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના પ્રથમ અંકમાં નેપથ્યમાંથી સંભળાતી નિમ્નોક્તિ'માં હાથી તપોવનમાં જે ત્રાસ ફેલાવે છે તેનું આલેખન થયું છે.

'' નીવ્રાઘાતે પટકયું તરુ તેના થડે દંડ ખુંપો,
કાંસો પામ્યો ચરણવળગ્યાં ખેંચતાં વેલજાળાં,
ભેદો ટોળું મૃગનું, તપના મુર્તિમાન વિઘ્ન જેવો
ધર્મારણ્યે ગજ, રથ નિહાળી બીધેલો, પ્રવેશે.

(અંક ૧/૩૧) (અનુ:શ્રી ઉમાશંકર જોશી)

## (૩૩) વિતર્ક

કાર્ય-અકાર્યનો નિર્ણય ન થઇ શકે તેવી મનની સ્થિતિ, તે વિતર્ક. સંદેહ પડવાથી થતો વિચાર તે વિતર્ક. આમ કરવું કે તેમ કરવું એ અંગે થતી વિમાસણ તે વિતર્ક.

દશરુપક અનુસાર સન્દેહ દુર કરવા માટે ઉત્પન્ન વિચારોને તર્ક કહે છે. નાટ્યદર્પણ અનુસાર વાદ આદિ ધ્વારા એક પક્ષની સંભાવના તર્ક કહેવાય છે. સાહિત્યદર્પણ પ્રમાણે સન્દેહના કારણે ઉત્પન્ન વિચાર વિતર્ક કહેવાય છે. 'રસગંગાધર' અનુસાર સંશય વિગેરે પછી ઉત્પન્ન થનાર ઉહ તે વિતર્ક નામનો ભાવ. વિતર્ક એ નિશ્ચયને અનુકુળ હોય છે. (ઉહ એટલે સાધક-બાધક પ્રમાણોનો વિચાર)

વિતર્ક અને ચિંતા એ બેમાં તફાવત છે. ચિન્તા કોઇ નિશ્ચય ઉત્પન્ન કરતી નથી તથા 'શું થશે કેમ થશે' એવા સ્વરુપવાળી હોય છે જ્યારે વિતર્ક નિશ્ચય ઉત્પન્ન કરે છે અને'આ ઘણે ભાગે આવુંજ હશે' એવા સ્વરુપવાળો હોય છે.

'અભિજ્ઞાન શાકુંતલ'માં પ્રથમ અંકમાં શકુંતલાને જોઇ દુષ્યન્તના મુખેથી સરી પડતી નિમ્નોકિત વિતર્કનું ઉદાહરણ છે. (અનુવાદ : શ્રી ઉમાશંકર જોશી)

રાજા: નિ:શંક તે ક્ષત્રિયલગ્ન યોગ્ય છે.
જે આર્ય મારું અભિલાષિ છે મન,
પ્રમાણ શંકાસ્પદ વસ્તુઓ મહીં,
સન્તોની અન્ત:કરણ પ્રવૃત્તિઓ. (અંક ૧ શ્લોક ૨૧)

૩૩ વ્યભિચારી ભાવોના નિરુપણના અને વ્યભિચારી ભાવના વિનિયોગ સંબંધી સામાન્ય નિયમ આપતાં જણાવે છે કે '' આ પ્રમાણે આત્મગત, પરગત અને તાટસ્થિતના આ તેત્રીસ વ્યભિચારી ભાવો દેશ, કાળ અને પરિસ્થિતિને અનુરુપ રીતે ઉત્તમ, મધ્યમ અને અધમ સ્ત્રીપુરુષ પાત્રો ધ્વારા નાટ્યપ્રયોગમાં યોગ્ય રીતે પ્રયોજવા જોઇએ.''

(અધ્યાય ૭ શ્લોક ૯૨ પછીનો ગદ્યખંડ)

વ્યભિચારી ભાવોનું વર્ગીકરણ

ભરતમુનિએ નિરુપેલા ૩૩ વ્યભિચારી ભાવોનું વર્ગીકરણ કરવાનો પ્રાચીન તેમજ અર્વાચીન આચાર્યોએ પ્રયત્ન કર્યો છે.

ચિત્તવૃત્તિ દ્વિવિધ રુપ હોય છે - પ્રવૃત્તિમૂલક અને નિવૃત્તિમુલક. વ્યભિચારી ભાવને ચિત્તવૃત્તિરુપ માનનારા આચાર્યોએ વ્યભિચારી ભાવને પ્રવૃત્તિ તથા નિવૃત્તિમૂલક બે ભાગોમાં વહેંચવાનો પ્રયત્ન કર્યો છે અને નિર્વેદ, મતિ, સ્મૃતિ, ધૃતિ, વિગેરે વ્યભિચારી ભાવોને પ્રવૃત્તિ-નિવૃત્તિમૂલક (ઉભયાત્મક) વ્યભિચારી ભાવ કહયા છે.

નાટ્યદર્પણકારે સમસ્ત ભાવોને જડ-અજડ એમ બે ભાગમાં વિભાજિત કર્યા છે અર્થાત્ સમસ્ત ભાવ ચેતન-અચેતન સ્વરુપ છે. તેમાં સ્થાયી ભાવ કેવળ ચેતનસ્વરુપ છે. નિર્વેદ આદિ વ્યભિચારી ભાવ અજડ (જ્ઞાનરુપ હોવાથી) અને વ્યાધિ આદિ રુપ વ્યભિચારી ભાવ જડાત્મક (શરીર ધર્મ હોવાથી) છે. (નાટ્યદર્પણ તૃતીય વિવેક કારિકા ૧૧૦)

ભાવપ્રકાશનકારે સાંખ્યકારિકાનો આધાર લઇ વિસ્તૃતપણે તેના કારણકાર્ય અને ક્રિયા સંબંધી વિચાર કર્યો છે. સાંખ્ય અનુસાર સમસ્ત ભાવોને ત્રિધા, સાત્વિક, રાજસ અને તામસમાં વિભાજિત કરી શકાય. જ્ઞાનાત્મક, આનન્દાત્મક, પ્રકાશાત્મક જેટલા ભાવો છે - નિર્વેદ, વિબોધ, મતિ, હર્ષ, સ્મૃતિ, ધૃતિ, વિગેરે - તે સાત્વિક છે અને જેટલા રાગાત્મક ચાંચલ્ય તથા સંઘર્ષ ઉપસ્થિત કરનારા ભાવો છે - રતિ, ચાપલ્ય, અસુયા, અમર્ષ, વિગેરે - તે રાજસ છે અને જે મોહાત્મક, આળસાત્મક તથા નિદ્રાત્મક ભાવ છે - નિદ્રા, મોહ, જડતા, અપસ્માર વિગેરે - તે 'તામસ' છે.

ઉપયોગ અનુસાર પૃથક્ત્વ અને સમ્મિલનની દૃષ્ટિએ પણ વ્યભિચારી ભાવોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે તે દ્વિવિધ છે - સ્વતન્ત્ર અને પરતન્ત્ર. પરપોષકતાને પ્રાપ્ત ભાવ પરતન્ત્ર હોય છે અને પરપોષક નહીં એવા ભાવ સ્વતન્ત્ર હોય છે. જેમ કે ક્રોધનું અંગ નિર્વેદ પરતન્ત્ર છે અને 'નિર્વેદ ભાવ ધ્વનિ' સ્વતંત્ર છે. એજ પ્રમાણે શૃંગારનો પોષક વિષાદ પરતન્ત્ર છે અને વિષાદ ભાવ ધ્વનિ સ્વતન્ત્ર છે. (રસાર્ણવસુધાકર દ્વિતીય વિલાસ)

ભાવોના બાહ્ય અને આન્તર - બહાર દેખાનારા અને મનની ચિત્તવૃત્તિ રુપ બે ભેદ રસતરંગિણીકાર ભાનુદત્તે કર્યા છે. સાત્વિક ભાવોને તેમણે બાહ્ય ભાવોમાં તથા બાકીના બધા આંતર ભાવોમાં વર્ગીકૃત કર્યા છે. (રસતરંગિણી પ્રથમ તરંગ)

અર્વાચીન આચાર્યોમાં હિન્દી સાહિત્યના પ્રસિધ્ધ આચાર્ય શુક્લએ પરંપરાગત ૩૩ ભાવોને પાંચ વર્ગમાં વિભક્ત કર્યા છે.

(૧) <u>સ્વતન્ત્ર વિષયયુક્ત ભાવ</u> : ગર્વ, લજ્જા (વ્રીડા) તથા અસૂયા.

(૨) <u>મનના વેગ</u> : આવેગ, અમર્ષ, અવહિત્થા, ઔત્સુક્ય, ત્રાસ, હર્ષ તથા વિષાદ.

(૩) <u>અન્ત:કરણ વૃત્તિઓ</u> : શંકા, સ્મૃતિ, મતિ, વિતર્ક, તથા ચિન્તા.

(૪) <u>માનસિક અવસ્થાઓ</u> : દૈન્ય, મદ, જડતા, ઉગ્રતા, મોહ, સ્વપ્ન, અલસતા, (આલસ્ય) ઉન્માદ, ચપલતા, નિર્વેદ, ધૈર્ય તથા ગ્લાનિ.

(૫) <u>શારીરિક અવસ્થાઓ</u> : શ્રમ, અપસ્માર, મરણ, નિદ્રા, વિબોધ તથા વ્યાધિ.

આ વર્ગીકરણ ઉપરાંત આચાર્ય શુક્લએ વિરોધ તથા અવિરોધના આધારે પણ વ્યભિચારી ભાવોને આ પ્રમાણે વિભાજિત કર્યા છે.

(૧) <u>સુખાત્મક</u> : ગર્વ, ઔત્સુક્ય, હર્ષ, મદ, ચપલતા તથા ધૃતિ.

(૨) <u>દુ:ખાત્મક</u> : વ્રીડા, અસૂયા, અમર્ષ, અવહિત્થા, ત્રાસ, વિષાદ, શંકા, ચિન્તા, ઉગ્રતા, મોહ, અલસતા, ઉન્માદ, ગ્લાનિ, અપસ્માર, મરણ તથા વ્યાધિ.

(૩) ઉભયાત્મક : આવેગ, સ્મૃતિ, દૈન્ય, જડતા, સ્વપ્ન, ચાપલ્ય.

(૪) ઉદાસીન : વિતર્ક, મતિ, શ્રમ, નિદ્રા તથા વિબોધ.

(રસમીમાંસા-પૃ. ૨૧૭-૨૩૧)

ડૉ. રાકેશ ગુપ્તે મનોવિજ્ઞાનના આધારે વ્યભિચારી ભાવોને ચાર વર્ગમાં વિભક્ત કર્યા છે.

(૧) મનોવિકાર : નિર્વેદ, શંકા, હર્ષ, દૈન્ય, ઉગ્રતા, ચિન્તા, ત્રાસ, અસૂયા, અમર્ષ, ગર્વ, વ્રીડા, આવેગ, વિષાદ તથા ઔત્સુક્ય.

(૨) અમનોવિકારાત્મક અનુભૂતિઓ : ધૃતિ, સ્મૃતિ, મતિ, તથા તર્ક.

(૩) શારીરિક સંવેદન, અનુભાવ : અપસ્માર, શ્રમ, ગ્લાનિ, આલસ્ય તથા વ્યાધિ.

(૪) ન ભાવ ન અનુભૂતિ : મદ, નિદ્રા, સુપ્ત, વિરોધ, મરણ, અવહિત્થા, ઉન્માદ, જડતા, ચાપલ્ય તથા મોહ.

(Psychological Studies in Rasa Chap-2)

ડૉ. કે. ના. વાટવે એ પોતાના વર્ગીકરણમાં પાશ્ચાત્ય માનસશાસ્ત્રની પ્રાથમિક તથા સંમિશ્ર વર્ગીકરણની પ્રણાલિના આધારે સમસ્ત વ્યભિચારી ભાવોને છ વર્ગમાં વિભાજિત કર્યા છે.

(૧) શારીરિક અવસ્થાના પ્રદર્શક : ગ્લાનિ, મદ, શ્રમ, આલસ્ય, જડતા, મોહ, નિદ્રા, સુપ્ત, અપસ્માર, પ્રબોધ, વ્યાધિ, ઉન્માદ તથા મરણ.

(૨) ભાવનાઓની તીવ્રતા : ચપલતા, આવેગ તથા ઉગ્રતા.

(૩) પ્રાથમિક ભાવના : શંકા, અમર્ષ, ત્રાસ તથા ગર્વ.

(૪) સંમિશ્ર ભાવના : વ્રીડા તથા અસૂયા.

(૫) જ્ઞાનાત્મક મનોવસ્થા : મતિ, વિતર્ક, અવહિત્થ, સ્મૃતિ, મતિ, વિતર્ક.

(૬) સાશ્રિત ભાવના : ઔત્સુક્ય, દૈન્ય, વિષાદ, હર્ષ, ધૃતિ, ચિન્તા, નિર્વેદ.

ડો.વાટવે મરણ, સુપ્ત, શ્રમ તથા જડતા ભાવનાની અપેક્ષા શારીરિક અવસ્થાઓ હોવાથી તથા સ્મૃતિ, મતિ, અવહિત્થા બૌધ્ધિક વ્યાપાર હોવાથી તેનો 'વ્યભિચારી ભાવ'માં સમાવેશ અનુઉપયુકત માને છે. (રસવિમર્શ પૃ. ૨૨૯-૩૦)

ડો.જોશી શારીરિક અવસ્થારુપ વ્યભિચારી ભાવોના બહિષ્કારનું સમર્થન કર્યું નથી. (અભિનવ કાવ્યપ્રકાશ) તેજ પ્રમાણે દિ.કે.વેડેકરે પણ પરંપરાગત વ્યભિચારી ભાવોની સુચિને સદોષ માની નથી કેમ કે ભરતમુનિ પ્રતિપાદિત વ્યભિચારી ભાવ મુળે 'નાટ્યધર્મી પદાર્થ' છે. તેમણે ૩૩ વ્યભિચારીઓને ત્રણ વર્ગમાં વિભાજિત કર્યા છે. તેમના મત પ્રમાણે સારીરિક, જ્ઞાનાત્મક વર્ગીકરણ કરવું એટલા માટે ઉપાદેય છે કે આ નાટ્યધર્મી પદાર્થોની લૌકિક પદાર્થોથી સમાન-અન્તરતાનું સ્પષ્ટીકરણ થઇ શકે. (રસસિધ્ધાંચે સ્વરુપ) તેમણે ૩૩ વ્યભિચારી ભાવોને ત્રણ વર્ગમાં આ પ્રમાણે વિભાજિત કર્યા છે.

(૧) <u>શારીરિક અવસ્થાના સમાનાન્તર વ્યભિચારી ભાવો</u> : મરણ, વ્યાધિ, ગ્લાનિ, શ્રમ, આલસ્ય, નિદ્રા, સ્વપ્ન, અપસ્માર, ઉન્માદ, મદ, મોહ, જડતા, ચપલતા, પ્રબોધ.

(૨) <u>જ્ઞાનાત્મક મનોવસ્થાના સમાનાન્તર વ્યભિચારી ભાવો</u>: સ્મૃતિ, મતિ, તથા વિતર્ક.

(૩) <u>ભાવનાત્મક મનોવસ્થાના સમાનાન્તર વ્યભિચારી ભાવ</u>: હર્ષ, અમર્ષ, ધૃતિ, ઉગ્રતા, આવેગ, વિષાદ, નિર્વેદ, ઔત્સુકય, ચિન્તા, શંકા, અસુયા, ત્રાસ, ગર્વ, દૈન્ય, અવહિત્થ અને વ્રીડા.

ડો. રઘુવીરશરણ, ન્યાયશાસ્ત્રમાં વર્ણિત મનના ત્રણ સંસ્કારભેદ (૧) વેગ (૨) ભાવના (૩) સ્થિતિસ્થાપકના આધારે વ્યભિચારી ભાવોનું આ પ્રમાણે વર્ગીકરણ કરે છે.

(૧) <u>વેગાત્મક વ્યભિચારી ભાવ</u> : આવેગ, ચપલતા, અસુયા, અમર્ષ, ઉગ્રતા, મદ, ઉન્માદ, ગ્લાનિ, હર્ષ, ત્રાસ, મરણ.

(૨) <u>ભાવાત્મક વ્યભિચારી ભાવ</u> : ઔત્સુકય, નિર્વેદ, ચિન્તા, વિષાદ, મોહ, વિબોધ, શંકા, વિતર્ક, સ્મૃતિ, મતિ, ગર્વ.

(૩) <u>સ્થિતિસ્થાપક વ્યભિચારી ભાવ</u> : ધૃતિ, દૈન્ય, શ્રમ, આલસ્ય, નિદ્રા, સ્વપ્ન, વ્રીડા, અવહિત્થા, જડતા, વ્યાધિ, અપસ્માર.

શ્રી રામપ્રસાદ બક્ષીના મત પ્રમાણે બધા વ્યભિચારી ભાવો પ્રકૃતિમાં એક સરખા નથી. દા.ત. અન્ય ભાવો જે અર્થમાં મનોવિકારો છે એ અર્થમાં મરણ, વ્યાધિ એ મનોવિકારો નહિ પણ શરીર વિકારો છે. મરણ શરીરની નિર્જીવ સ્થિતિ છે. મતિ એટલે મનને જ નિર્ણયાભિમુખી અવસ્થા અને તર્ક એ સંકલ્પ વિકલ્પાત્મક મનના ધર્મો છે. પણ સ્મૃતિ સંસ્કારજન્ય જ્ઞાન છે તે મનોવૃત્તિ ગણાય કે બૌધ્ધિક વ્યાપાર ગણાય તેવી શંકા થાય.

(મનીષા 'નાટ્યરસ' અંક પૃ.૬૮)

શ્રી જયોતીન્દ્ર હ.દવેના વિધાન અનુસાર ગ્લાનિ, મદ, દૈન્ય, વિષાદ, તર્ક, મતિ, વ્યાધિ, અપસ્માર, ઉન્માદ, મરણ, શંકા, ત્રાસ, ગર્વ, વ્રીડા, અસુયા, સ્મૃતિ, નિર્વેદ, ચિંતા, આદિમાં કેટલાક શંકા, ગર્વ, ત્રાસ, વિષાદ, હર્ષ, નિર્વેદ, ચિંતા, વ્રીડા, જેવા ભાવો પ્રાથમિક તેમજ સંમિશ્ર ભાવો છે તો ચપલતા અને આવેગ જેવા ભાવની તીવ્રતા દર્શાવનાર Impulses આવેગો પણ છે. મતિ, તર્ક અને સ્મૃતિ માનસિક જ્ઞાનાવસ્થાના સુચક તો શ્રમ, આલસ્ય, જડતા, નિદ્રા, ઉન્માદ, મરણ, વ્યાધિ, શારીરિક અવસ્થાના સુચક વ્યભિચારી ભાવો છે. વ્યાધિ એ શારીરિક વિકાર છે જ્યારે મરણ અભાવ છે. ગ્લાનિ એ પણ શારીરિક અવસ્થા છે. ઔત્સુકય, દીનતા, જેવા ભાવો માનવૃત્તિ Reverence સુચક છે. (વાક્.મયચિંતન પૃ.૪૨)

શ્રી પ્રમોદકુમાર પટેલના કથના અનુસાર બધા (વ્યભિચારી ભાવો) એકજ કોટિના એકસરખા મનોવ્યાપાર નથી. ગ્લાનિ, ધૃતિ, નિર્વેદ જેવા ભાવો મનના ઉંડા વ્યાપક વ્યાપારો સંભવે છે, એના દૈહિક આવિષ્કારો એટલા સ્ફુટ નથી પણ એની માનસિક ભુમિકા સંકુલ હોઇ શકે. એટલે સ્થાયી ભાવ જેવા કે લગભગ એ ભુમિકાએ પહોંચતા એ ભાવો છે. મતિ, વિતર્ક અને સ્મૃતિ એ ભાવોમાં વળી ખરેખર તો અમુક બૌધ્ધિક વ્યાપારોનું પ્રાધાન્ય સુચવાય છે.આથી ભિન્ન આલસ્ય, જડતા, નિદ્રા, અપસ્માર, સુપ્ત અને મરણ જેવા 'ભાવો' વ્યકિતના મનોભાવો કરતાંય વધુ તો તેના દેહની અવસ્થાનેજ વધુ અનુલક્ષે છે. (રસસિધ્ધાન્ત-એક પરિચય પૃ.૧૬)

વ્યભિચારી ભાવના વિવિધ વર્ગીકરણોના આધારે એ સ્પષ્ટ થાય છે કે વ્યભિચારી ભાવને માત્ર ચિત્તવૃત્તિ કે મનોભાવ માનનારા આચાર્યો ભરતમુનિ નિરુપિત ૩૩ વ્યભિચારી

ભાવોને ચિત્તવૃત્તિની કસોટીના આધારે ચડાસી વિવિધ વર્ગોમાં મુકવાનો પ્રયત્ન કરે છે અને પરોક્ષપણે એ સુચિને સદોષ ઠેરવે છે. જો કે જગન્નાથ જેવા આચાર્ય તો તમામ વ્યભિચારી ભાવોને ચિત્તવૃત્તિ સિધ્ધ કરવાનો પ્રયાસ કરે છે. તેમના મતે સંચારી ભાવોમાં શારીરિક અથવા બૌધ્ધિક ચેતનાનું પ્રાધાન્ય છે, તેઓ પણ (સંચારી ભાવો) ચેતના અથવા ચિત્તરુપ છે. આથી એ નિર્ણય અયોગ્ય છે કે અનેક સંચારી તો કેવળ બૌધ્ધિક પ્રક્રિયાઓ અથવા શારીરિક સંવેદન અથવા ભૌતિક અવસ્થાઓ છે - કેમ કે એમનું પણ અનુભુત્યાત્મક રુપ હોય છેજ એવો જગન્નાથ મત છે.

ભરતમુનિની દૃષ્ટિએ 'વ્યભિચારી ભાવ'નું સ્વરુપ મુખ્યત્વે અભિનયાત્મક છે. મનોવૈજ્ઞાનિક રુપ ગૌણ છે, એટલે એમણે વ્યભિચારી ભાવોમાં મનની અને શરીરની આઠેય રસોમાં સંચરિત થતી તમામ અવસ્થાઓ આવરી લીધી છે. તેમની દૃષ્ટિએ બધા વ્યભિચારી ભાવો વિશુધ્ધ ચિત્તરુપ નથીજ એટલે એમણે વિભિન્ન રસો સાથે સંબંધિત મુખ્ય મુખ્ય માનસિક તેમજ શારીરિક અવસ્થાઓને સંચારી ભાવની અંદર ગણી લીધી છે તે હવે પછીની વિવેચનાથી વધુ સ્પષ્ટ થશે.

<u>ભરતમુનિની દૃષ્ટિએ વ્યભિચારી ભાવોનું સ્વરુપ</u>

ભરતમુનિએ રસનિષ્પત્તિ સંબંધી તેમના પ્રસિધ્ધ સુત્રમાં, ૪૯ ભાવોમાંથી સ્થાયી ભાવો તથા સાત્વિક ભાવોનો ઉલ્લેખ કર્યો નથી. એક માત્ર વ્યભિચારી ભાવોનોજ ઉલ્લેખ કર્યો છે તેનું સમાધાન સંસ્કૃત કાવ્યશાસ્ત્રના રસ-ધ્વનિવાદી આચાર્યોએ, ખાસ કરીને અભિનવગુપ્તે 'આસ્વાદક' -સહૃદય પ્રેક્ષક-ના દૃષ્ટિકોણથી શોધવાનો પ્રયત્ન કર્યો છે. રસને વિલક્ષણ એવી પ્રમાતાસાપેક્ષ જ્ઞાનાત્મક અવસ્થા અને પ્રતીયમાનતાથી અભિન્ન માની અભિનવગુપ્તે એક નવાજ સંદર્ભમાં વ્યભિચારી ભાવનું સ્વરુપ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો, જે ભરતમુનિ કરતાં જુદુંજ હતું. તેમના મતે -

(૧) સ્થાયી ભાવ ચિત્તવૃત્તિરુપ છે. આ ચિત્તવૃત્તિ-સુત્રથી અનુસ્યુત છે - વ્યભિચારી ભાવ.

(૨) સ્થાયી ભાવનું રસમાં પરિણમવું યોગ્ય છે - પણ વ્યભિચારી ભાવોના ચિત્તવૃત્યાત્મકત્વનો સ્વીકાર કરવા છતાં મુખ્ય ચિત્તવૃત્તિને સુત્તિવૃત્તિને પરવશ રહીનેજ ચર્વિત થાય છે એટલે તેમની ગણના વિભાવાનુભાવ સાથે કરવામાં આવી છે.

(૩) સ્થાયી ભાવ વાસનારુપે પ્રાણીમાત્રમાં જન્મજાત હોય છે. વ્યભિચારી ભાવ તથા સ્થાયી ભાવમાં તફાવત એ રહેલો છે કે પ્રથમમાં અખંડતા નથી હોતી. જો સમુચિત વિભાવોનો અભાવ હોય તો મનુષ્ય પોતાના સમગ્ર જીવન દરમ્યાન તેને અનુભવી શકતો નથી. જેમ કે 'રસાયણ' સેવન કરનારા મુનિઓમાં ગ્લાનિ, આલસ્ય, શ્રમ, વિગેરે વ્યભિચારી ભાવ ઉત્પન્નજ થતા નથી. વિભાવોના આશ્રયથી જેમાં તે ઉત્પન્ન થાય પણ છે તો કારણ દુર થતાંજ તે ક્ષીણ થવા લાગે છે અને સંસ્કારરુપે વ્યક્તિ સાથે બંધાયેલા રહેતા નથી. એનાથી ઉલટું, ઉત્સાહ વિગેરે સ્થાયી ભાવ તો કર્તવ્ય પુરું થવા છતાં વ્યક્તિમાં સંસ્કારરુપે અવશિષ્ટ રહે છે.

ઉપરોક્ત મંતવ્યો પરથી સ્પષ્ટ થાય છે કે અભિનવગુપ્તની દૃષ્ટિએ વ્યભિચારી ભાવ ચિત્તવૃત્તિરુપ તો છે પરંતુ તે અસ્થિર છે, નશ્વર છે, સ્થાયી ભાવના 'પરવશ' થઈનેજ ચર્વિત થાય છે.

અભિનવગુપ્તના પ્રભાવથી આધુનિક કાવ્યશાસ્ત્રીઓના 'વ્યભિચારી ભાવ' સંબંધી ચિંતનની બે ધારાઓ જોવા મળે છે. (૧) કેટલાક કાવ્યશાસ્ત્રીઓના મતે વ્યભિચારી ભાવ ચિત્તવૃત્યાત્મકજ છે. તથા કથિત વ્યાધિ, નિદ્રા, અપસ્માર, મરણ વિગેરે શારીરિક અવસ્થાઓના મુળમાં ચિત્તવૃત્તિ અથવા જ્ઞાનની સ્થિતિજ અનિવાર્યપણે નિહિત હોય છે. (૨' કેટલાક કાવ્યશાસ્ત્રીઓના મતે બધાજ ૩૩ વ્યભિચારી ભાવ ચિત્તવૃત્તિરુપ નથી. એમાંથી ઘણાં બધા શારીરિક દશાઓ માત્ર છે એટલે તેમને વ્યભિચારી ભાવની યાદીમાંથી પડતાં મુકવા જોઈએ.

ભરતમુનિનો દૃષ્ટિકોણ સાવ ભિન્ન છે. તેમણે આસ્વાદકની દૃષ્ટિએ રસનિષ્પત્તિનો વિચાર કર્યોજ નથી. તેમની દૃષ્ટિએ તો નાટ્યરસ એક આસ્વાદ્ય પદાર્થ છે અને તેની નિષ્પત્તિ

વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવના સંયોગથી રંગમંચ ઉપર થાય છે. જેમ સંગીતકળામાં, વિભિન્ન રાગોના સ્વરોના આરોહ, અવરોહ, સ્થાયી-સંચારી સ્વરુપોના અભ્યાસ માત્રથી રાગની નિષ્પત્તિ થઇ શકે છે અને તેના માટે અનુરાગી શ્રોતાની જરુર પડતી નથી તેમ નાટ્યકળાગત રસનિષ્પત્તિમાં આસ્વાદકની મનઃસ્થિતિની વિવેચના અનિવાર્ય બનતી નથી.

ભરતમુનિએ તો રંગમંચીય નાટ્યરસની દૃષ્ટિથીજ ૪૯ ભાવોની મીમાંસા કરી છે. એટલે તેમણે સ્થાયી ભાવ, વ્યભિચારી તથા સાત્વિક ભાવોમાં જે પરસ્પર ભેદ દર્શાવ્યો છે તેમાં 'અભિનયની ટેકનીક' જ આધારભુત કારણ છે. કેટલાક ભાવ માનવમાં જન્મજાત છે, કેટલા ભાવ સંસ્કારરુપે નિરન્તર માનવમાં અવશિષ્ટ રહેવાની ક્ષમતા ધરાવે છે વિગેરે પ્રશ્નોનું દાર્શનિક તથા મનોવૈજ્ઞાનિક સમીક્ષણ એ ભરતમુનિના ચિન્તનક્ષેત્રની બહારની વસ્તુ હતી. તેમની દૃષ્ટિએ તો બધાજ નાટ્યભાવો - પછી સ્તમ્ભ, સ્વેદ, અશ્રુ, રોમાંચ વિગેરે સાત્વિક ભાવ હોય, કે, રતિ શોક, ઉત્સાહ વિગેરે સ્થાયી ભાવ હોય કે નિર્વેદ, ગ્લાનિ, મદ, મોહ વિગેરે વ્યભિચારી ભાવ હોય, - 'લોકપ્રકૃતિ' સાથેજ મુળે સંકળાયેલા છે.

'વ્યભિચારી ભાવો'ને નાટ્યમાં ગ્રહણ કરવાનો મુળ સ્રોત છે - તત્કાલીન લોકજીવન, માનવીય આચરણ તથા સામાજિક જીવનથી સંબધ્ધ લોકવ્યવહાર. ભરતમુનિના મતે લોકાચરણ લોકપ્રકૃતિ ઉપર નિર્ભર રહે છે અને લોકપ્રકૃતિ લોકોના શીલ-સ્વભાવ પર અવલંબિત હોય છે. માનવ સમાજ' વિવિધ શીલ પ્રકૃતિ'વાળા મનુષ્યોનો મેળો છે જેમાં ઉત્તમ, મધ્યમ, અધમ બધાજ પ્રકારના સ્ત્રીપુરુષો તથા દેવદાનવોનો સમાવેશ થાય છે. વ્યભિચારી ભાવોનો સંબંધ મુળે આ સર્વ પ્રકારની વ્યકિતઓ સાથે છે એટલે તેની અભિનય પ્રક્રિયા પણ તેમની સ્વભાવ-સાપેક્ષતામાં નિરુપિત કરવામાં આવી છે. દા.ત. 'નિર્વેદ' વ્યભિચારી ભાવનો અભિનય ઉત્તમ પ્રકૃતિના પુરુષ, સ્ત્રીઓ, તથા નીચ પ્રકૃતિની વ્યકિતઓ ભિન્ન ભિન્ન રુપોમાં રજુ કરશે. જો કે મુળ 'નિર્વેદ' ભાવ તો એકજ છે પણ તેની અભિનય-પધ્ધતિઓ વ્યકિત-સ્વભાવ સાપેક્ષતામાં નિરુપિત છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે ભરતમુનિનો ઉદ્દેશ્ય વ્યભિચારી ભાવોના 'અભિનેયરુપો' ની મીમાંસા કરવાનો છે, તેની અનુઅભિનેય અમૂર્ત, મનોભાવનાત્મક અથવા અસ્થિર ચિત્તવૃત્યાત્મકોનો નહિ. નિર્વેદ, ગ્લાનિ, મદ વિગેરે વ્યભિચારી ભાવ શારીરિક છે અથવા માનસિક છે, જન્મજાત છે અથવા

સાધિત છે, સંસ્કાર-રુપમાં અવશિષ્ટ રહે છે અથવા નષ્ટ થઇ જાય છે વિગેરે પ્રશ્નોની સમીક્ષા ભરતમુનિએ કરી નથી. તેમની સામે મુળ સમસ્યા હતી - 'લોકપ્રકૃતિ' ને વાચિક આંગિક તથા સાત્વિકોમાં રુપાંતરિત કરી તેને નાટ્યાત્મક સ્વરુપ આપવાની.

રંગમંચીય અભિનયની દૃષ્ટિએ બધાજ 'વ્યભિચારી ભાવ' કારણ' અથવાસાધન છે તેમના સ્થાયી ભાવાનુરુપ અથવા રસાનુરુપ સંયોગથી રસનિષ્પત્તિ થાય છે. રંગમંચગત રસનિષ્પત્તિમાં વ્યભિચારી ભાવોનું વાસ્તવિક સ્વરુપ શું છે ? તે કેવી રીતે રસોમાં સંચરણ કરે છે ? આ બંને પ્રશ્નોના જવાબ તેમણે નાટ્યપ્રયોગના સંદર્ભમાં આપ્યા છે -

'' વિ અને અભિ આ બંને ઉપસર્ગ છે અને ચર ધાતુ છે જેનો અર્થ ગતિ અથવા ગમન છે. વિવિધતા અને અભિમુખતાથી જે રસોમાં સંચરણ કરે છે તે વ્યભિચારી ભાવ કહેવાય છે.''

આ તો પારિભાષિક 'વ્યભિચારી ભાવ' શબ્દની વ્યુત્પત્તિ તથા તદ્ગત અર્થનું સ્પષ્ટીકરણ માત્ર થયું. રંગમંચગત રસનિષ્પત્તિમાં તેની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરવાની રહી ગઇ, એટલેજ ભરતમુનિએ ઉમેર્યું છે કે -

'' વાગંગસત્વોપેતા: પ્રયોગે રસાન્ નયન્તીતિ વ્યભિચારિણ: । ''

અર્થાત વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયોથી સમન્વિત થઇનેજ વ્યભિચારી ભાવ રસોને પ્રયોગમાં લઇ જાય છે માટે વ્યભિચારી ભાવ કહેવાય છે.

આ પ્રમાણે વ્યભિચારી ભાવ રંગમંચ ઉપર નિમ્નલિખિત કાર્યો કરે છે.

(૧) વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયમાં તેઓ સ્વયં રુપાંતરિત થાય છે.

(૨) રસોમાં સંચરણ કરે છે, તેને નિષ્પત્તિની સ્થિતિમાં લઇ જાય છે અને અંતે

(૩) રસને પ્રયોગમાં લઇ જાય છે.

ભરતમુનિએ અત્યંત સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ' રસને પ્રયોગમાં લઇ જાય છે ' આ ઉક્તિનો અર્થ એવો સમજવો ન જોઇએ કે જે પ્રમાણે કોઇ વ્યક્તિ કોઇને પોતાના ખભે બેસાડી લઇ જાય છે પણ જેમ લોકવ્યવહારમાં સૂર્ય ધ્વારા દિવસ અથવા નક્ષત્ર લાવવાની ઉક્તિ પ્રચલિત છે તે પ્રમાણે આ ઉક્તિનો અર્થ સમજવો જોઇએ.

'પ્રયોગ' શબ્દ પારિભાષિક છે. તેનો અર્થ ભરતમુનિએ આ પ્રમાણે આપ્યો છે. 'જ્યારે શાસ્ત્ર અને કર્મનો સમાયોગ થાય ત્યારે પ્રયોગ સમજવો જોઇએ.' અહીં શાસ્ત્રનો અર્થ છે, 'નાટ્યશાસ્ત્ર' અર્થાત્ તેમાં નિરુપિત નિયમવિધાનો અને કર્મનો અર્થ છે 'તદાનુરુપ રંગમંચ ઉપર કરવામાં આવેલા અભિનયો અથવા નાટ્યકર્મો.' આ પ્રમાણે જ્યારે નાટ્યશાસ્ત્રોકત નિયમાનુસાર અભિનય-કર્મ થાય છે ત્યારે તે પ્રયોગ કહેવાય છે. નાટ્યના વ્યભિચારી ભાવ ઉપરોકત પધ્ધતિથી રસોને નિષ્પત્તિ તથા 'પ્રયોગ'માં લઇ જાય છે.

રસનિષ્પત્તિમાં વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવોનો સંયોગ અનિવાર્ય છે કારણ કે સ્થાયી ભાવજ રસમાં રુપાંતરિત થાય છે. સ્થાયી ભાવોને રસરુપતા પ્રદાન કરવામાં વિભાવો, અનુભાવો તથા વ્યભિચારી ભાવોનો ગતિશીલ સંયોગ જ મુખ્યત્વે જવાબદાર હોય છે. જો આ ત્રણેનો રંગમંચ ઉપર સંયોગ ન થાય તો માનવપ્રકૃતિના સ્થૂળ અથવા સુક્ષ્મ કોઇપણ પ્રકારના ભાવો અભિવ્યકિત પામી શકતા નથી. એટલા માટેજ રસનિષ્પત્તિ સંબંધી સુત્રમાં વ્યભિચારી ભાવોનો મુખ્યપણે ઉલ્લેખ છે. આ ઉપરાંત રતિ, ઉત્સાહ વિગેરે સ્થાયી ભાવોને પણ 'વ્યભિચારી ભાવ'જ મુખ્યત્વે મુર્તતા પ્રદાન કરે છે. એટલે સ્થાયીનું રંગમંચીય મુર્તરુપ વ્યભિચારી ભાવો વિના સંભવી શકતું નથી. જેના ફળ સ્વરુપે વ્યભિચારી ભાવ વિભાવાનુભાવોથી સંયુકત થઇ સ્થાયીને મુર્તતા પ્રદાન કરી તેને રસરુપે નિષ્પન્ન કરે છે અને આ પ્રમાણે સ્થાયી ભાવમુલક રસોને પ્રયોગમાં લાવે છે.

લોકપ્રકૃતિના નિર્માણ તથા સંચાલનમાં સુખદુ:ખાત્મક અમૂર્ત મનોભાવનાનું અસ્તિત્વ જરુર હોય છે પરંતું નાટ્યકળામાં, માનવીય સુખદુ:ખાત્મક ભાવનાઓની અભિવ્યકિત સ્થુળ શારીરિ તથા ઐન્દ્રિય ઉપાદનોના આશ્રય વિના સંભવી શકતી નથી.૩૩ વ્યભિચારી ભાવોમાં લોકપ્રકૃતિના મૂર્ત-અમૂર્ત ભાવોને રુપાન્તરિત કરવામાં આવે છે અને તે નટના અભિનય વડે મૂર્તિત થાય છે. આમ ભરતમુનિ પ્રતિપાદિત વ્યભિચારી ભાવોનું સ્વરુપ ન તો વિશુધ્ધ સુક્ષ્મ ચિત્તવૃત્તિ છે ન સ્થુળ

શરીરાવસ્થારુપ. એ વિભિન્ન સ્થિતિઓનો સંગ્રહ છે જેમાં મનોભાવનાઓ, બૌધ્ધિક સ્થિતિઓ શરીરાવસ્થાઓ એકત્રિત છે, જેનો મૂળ આધાર લોકપ્રકૃતિ તથા લોક આચરણ છે. એક માત્ર નાટ્ય અથવા 'અભિનયની ટેકનીક'ની એરણ ઉપરજ સ્થાયી અને વ્યભિચારી ભાવને છુટા પાડી શકાય.